સરલ શુદ્ધ વ્યવહારથી, ભવ સુધરશે બેય. ૨૨
પામી દુર્લભ મનુષ્ય ભવ, હીતા હીત સમજાય;
છતાં અહિત આદર કરી, વિષય વિખ ફળ ખાય. ૨૩
કૂળને વૃક્ષની ઉપમા, આપે જ્ઞાની કોય;
મનુષ્ય પક્ષી આવી મળે, ઉડી જાતાં જોય. ૨૪
પ્રભાતે વાજાં વાગતાં, ગાતાં મંગળ ગીત;
મધ્યાને મોં ઢાંકીયાં, રૂદન શુણ્યાં ભયભીત. ૨૫
પરમાણુંથી જે થયા, પ્રાણી માત્રના દેહ;
પરમાણુંમાં જઇ મળે, તેમાં શો સંદેહ? ૨૬

પરમાણુ' સૌ વિશ્વના, ગણતાં નહિ ગણાય;
એથી અનંત ગણા કર્યા, જીવે ભવ ઘણાય. ૨૭
એકેક યોનીમાં ઉપજ્યો, અનંતાનંતી વાર;
શુદ્ધ સમકીત અભાવથી, આવ્યો ન ભવનો પાર. ૨૮
એક પરમાણું એહવો, રહ્યો નથી અવશેષ;
શરીર રચના અહારમાં, વપરાયા વિણ લેશ. ૨૯
ઇંદ્ર ધનુષ્યની ઉપમા, તન ધન ને અધિકાર;
અત્યંત સુંદરતાં છતાં, વિલય થતાં શી વાર? ૩૦
જળ પ્રવાહી પ્રૌઢો જતો, વળે ન પાછો જેમ;
આયુ ધન જોબન ગયાં, ફરી ન આવે તેમ. ૩૧
જળ પ્રવાહી પાછો કદી, વળવા સંભવ હોય;
આયુ યૌવન સુંદર્યતા, પાછાં ન પામે કોય. ૩૨
આયુ બળ જળ અંજળી, યૌવન મદ પણ એમ;
વૃદ્ધિપણું વિકટ અતી, તોપણુ દેહસું પ્રેમ. ૩૩
મન વાંછિત વિષયો મળ્યા, સંયોગ સ્વપ્ન સમાન;
બાજી બાજીગર તણી, અંત નહિ નિશાન. ૩૪
માલ ધન કુટુંબ કીરતિ, રિદ્ધિ રાજ ભંડાર;
બાદળ સમ વિખરાય છે, ધન જોબન અધિકાર. ૩૫

વૃક્ષ નીરજીવ થાય તો, મળે કાષ્ઠ સુલદાર;
અસાર મનુષ્યા દેહ આ, આપે છેવટ છાર. ૩૬
ચંદ્ર સુર્ય રૂતુ ગ્રહો, ફરી ફરી દેખાય;
ગયું શરીર ન સાંપડે, તેની શી મમતાય. ૩૭
સુખ દુઃખ આદિ અંત સદા, જોતાં નહિ જણાય;
સુખીઆ દુખમાં ડુબતા, દુખી જીવ સુખી થાય. ૩૮
આતમ પ્રબળ છે મોહનું, ભૂલ્યો આપને આપ;
પરને પ્રભુતાથી ભજું, માની મહદ પ્રતાપ. ૩૯
તન ધન યૌવન બાંધવો, પ્રિયા પુત્ર પરિવાર;
અનિત્ય અવસ્થા જગતની, વીજળીનો ચમકાર. ૪૦
ક્ષણ ક્ષણમાં ક્ષય પામતા, જડને ચૈતન્ય દોય;
ભ્રમથી ભુલી ભાનને, ગણે નિત્ય સહુ કોય. ૪
ખટ દ્રવ્ય નિત્ય સ્વભાવથી, અનિત્ય દ્રવ્ય પર્યાય;
નિત્ય અનિત્ય ત્યાગે ગ્રહે, એ અજ્ઞાને થાય. ૪
ત્રીલોક ખટ દ્રવ્ય મયી, નિજ નિજ રૂપે નિત્ય;
પર્યાય સ્વભાવ વિભાવથી, ઉપજે વિણસે અનિત્ય; ૪
નિત્ય ભજી અનિત્ય તજી, ધરીએ આતમ ધ્યાન;
અનિત્ય ભાવના ભાવતાં, અંતર ઉપજે જ્ઞાન.

પર્યાય બુદ્ધિ પાલટી, દ્રવ્ય દષ્ટિએ જોય;
નિશ્ચય નિત્ય સ્વરૂપનું, ધરો ધ્યાન સહુ કોય. ૪૫
અનિત્ય ભાવના ભાવતાં, ગણો અનિત્ય સંસાર;
દેહાદિક સર્વ અનિત્યછે, નિત્ય આત્મ આધાર. ૪૬
અનિત્ય ભાવના ભાવતાં, તર્યા અનંતા જીવ;
ભાવો પુષ્પ એ ભાવથી, મળશે મારગ શીવ. ૪૭

---

૨ બીજી અશરણ ભાવના.

અશરણ ભાવના એહ છે, શરણ ન જીવને કોય;
શરણ એક નિજ આત્મને, પંચ પરમેષ્ઠી હોય. ૧
કોઇ શરણ ન જીવને, દાનવ માનવ રાય;
તે પણ કાળના કોળીયા, શું કરશે તુજ સાંય? ૨
સ્ત્રી પુત્ર પિતુ માતકે, બેની બંધવ મિત્ર;
તે પણ ટગમગ જોઇ રૂવે, કાળનું કામ વિચીત્ર. ૩
દુર્નિવાર્ય ગતિ કાળની, શરણ ન રાખે કોય;
મંત્ર જંત્ર કે ઔષધી, મિત્ર કાળનાં હોય. ૪
મળ્યો કુટુંબી કારમો, રૂદન કરે નરનાર;
પોતે કાળની ઝાળમાં, તેનો નહિ વિચાર, ૫

કંઈક રાણા રાજીઆ, કેશવ, ચક્રી રામ;
કાળે કીધા કોળીઆ, શો શોચ આ ઠામ. ૬
ડાકટર વૈદ્ય હકીમ કે, જોશી ડાશી સોય;
પરિવાર લઇ ચાલીઆ, કાળે ન મૂક્યા કોય. ૭
કાળ ન પહોંચ્યો ત્યાં લગી, ઉપાય અનુકુળ થાય;
તુટીની બુટી થવા, શરણુ ન કોઇ ઉપાય. ૮
આયુષ્ય કર્મ જનમ થકી, પ્રેરે મૃત્યુ પાય
વરસ ગાંઠની મંજલે, કાળ ધર્મ નિત્ય સ ૯
પેખી પુત્ર વરસે વધે, માતા મન મલકાય;
નથી વાસ્તવિક જાણતી, મરણ નજીકે જાય.૧૦
ઘડી માસ વર્ષ ગાંઠને, નિમિતે આયુષ્ય કર્મ;
રંજીત કરી કરમાં ગ્રહી, બજવે કાળના ધર્મ.૧૧
કાળ લાંચ લેતો નથી, નથી રાણાનો પક્ષ;
સમભાવે ગૃહે સર્વને, સહુ પર સરખો લક્ષ.૧૨
વૃદ્ધ જુવાન કે બાળકો, ગરીબ સંત ધનવાન;
પક્ષપાત નહિ કાળને, સરવે ગૃહે સમાન.૧૩
બાળ વૃદ્ધ રંકીક ધની, સુરા કાયર કોય;
ન્યુનાધિક કોએ નહિ, નામ સંવર્તિ હોય.૧૪

આણી સહીત વન પરજળે, વચલે વૃક્ષ ચઢી કોય;
નિજને સુરક્ષિત ગણી, બેઠો કૌતક જોય.૧૫
તેમજ જીવ જગવન વિષે, મરતાં દેખું નીત;
છતાં અમર નિજને ગણું, એજ મતિ વિપરીત.૧૬
સજ સેના હય ગય તણી, સજી બખ્તર તરવાર;
ચોકીની વચમાં રહે, તોય ન મુકે કાળ.૧૭
વિષય મોહ મદિરા થકી, મુરછાયો સંસાર;
ગ્રસ્યો કાળની દાઢમાં, ઉગે ન એકે વિચાર.૧૮
વિપરીત મતિ વિશ્વની, નહિ વિવેક વિચાર;
સેવી વિષય કષાયને, કરે અફળ અવતાર.૧૯
શરણ ન કોઇ સંસારમાં, શોધ્યાં સરવે સ્થાન;
પરમપરા વ્યવહારથી, શરણ પંચ ભગવાન.૨૦
નિશ્ચય નયથી તો લહે, શરણ આતમા એક;
પુષ્પચંદ એ શરણથી, ઉદ્ધર્યા જીવ અનેક.૨૧

---

૩ ત્રીજી સંસાર ભાવના.

ચક્રાવો ગતિ ચારનો, સુખ દુઃખનાં ધામ;
અપેલ નિજનાં માનતાં, રાચે જીવ બેભાન. ૧

નિજ નિજ કર્મવત જોડીઓ, ત્રસ સ્થાવર મળીકાય;
બંધાઇ તે બંધને, ઉપજી મરે સંદાય. ૨
કદી પુર્વ પુન્ય ઉદયથી, સ્વર્ગે સુખ પમાય;
શુભ ઉદય એ ભોગવી, અવર ઉદય ત્યાં જાય. ૩
ગતાગતિ ઘટમાળમાં, ફર્યો અનંતી વાર;
દાવાનળ દુઃખ ભોગવ્યાં, સાતા નહિ લગાર. ૪
ભોગવાય ભાળો હજુ, ભોગવે આગમ કાળ;
સ્વરૂપ ભાન ભુલ્યા થકા, સુખી દુઃખી ત્રીકાળ. ૫
ખટ દ્રવ્ય ખેલ ખરેખરો, અચળ નિયમ આધાર;
કર્મ સંયોગ સાથે ગણી, જગ રચના નિરધાર. ૬
સમય માત્રને આંતરે, જીવ સમુહ સંસાર;
પર્યાયથી પાલટે, વેષ વિચિત્ર પ્રકાર. ૭
લડે સમુહ પરસ્પરે, ઉલસે વેર અભિમાન;
પ્રાણ પર્યાય લુંટી લડે, વિશ્વ યુદ્ધનું સ્થાન. ૮
જીવની રાસ જબરી બહુ, ત્રસ સ્થાવર સમુદાય;
અનંતાનંત કોટી લહો, પાર ન કદી પમાય. ૯
ચેતન તે જડ સંગમાં, મળી થયો સંસાર;
કરમાનુસારે કરે, ગતાગતી જે વાર.૧૦

ગતાગતીમાં બહુ કર્યા, સંબંધ વિચિત્ર પ્રકાર;
વરણવ્યે પાર ન પામીએ, કહું સંક્ષેપે સાર.૧૧
સંબંધ સરવે પરસ્પરે, કર્યા સર્વ જીવ સંગ;
અનંતવાર એમજ બન્યું, મળતાં કર્મ પ્રસંગ.૧૨
માત પિતા પુત્ર પુત્રી ત્રિયા, બેની બંધુ અનેક;
ઉલટ સુલટ ભવ આદર્યા, વાર અનંત પ્રત્યેક.૧૩
અહો! સંબંધ શા શોચના, પુત્ર પતિ ત્રિયા માય;
બાપ બેટો જનમે કદી, પિતા પુત્રિ પતિ થાય.૧૪
મોહ મદિરા ઘેનમાં, સમજ્યો નહિ સંબંધ;
આ અવસર અનુકુળ છે, ચેતી છોડવા બંધ.૧૫
સંસાર રંગભૂમિ કહો, નટી સંસારી જીવ;
વેષ પાલટે નવ નવા, ભુલી ભાન સદૈવ.૧૬
યોનિ દેશ કુળ રૂપ કે, સુખ દુઃખ પર્યાય;
વાર અનંતી ભ્રમણમાં, ભોગવ્યાં કર્મ નિકાય.૧૭
બંધુ શત્રુ ભવાંતરે, શત્રુ બાંધવ હોય;
ઉલટ સુલટ ભવ ચક્રમાં, નહિ આપણું કોય.૧૮
રાજા કીટમાં ઉપજે, કીડો ક્રમથી રાય;
ઉંચ નીચ નીચ ઉંચમાં, ગતાગતી જણાય.૧૯

અસહ્ય દુઃખ છે નર્કમાં, સહે તિર્યંચ દુઃખ;
અતુલ્ય દુઃખ માનવ ભવે, નહિ દેવ ગતિ સુખ.૨૦
કારણ આ સંસારનું, મુખ્ય ભાવ અજ્ઞાન;
કાર્ય કર્મ ફળે ભવ ભમે, ચતુર્ગતિ વિણુ ભાન.૨૧
અજ્ઞાન ભાવથી ઉપજે, પર દ્રવ્ય પર મોહ;
રાગ દ્વેષ વર્તન થતાં, નિજ આત્માશું દ્રોહ.૨૨
કરમ બંધ એ દ્વંદથી, કર્મ બંધે ગતિ ચાર;
આત્મા દેહ નિત્યા નિત્યનો, ઉગ્યો ન અંશ વિચાર.૨૩
પર દ્રવ્યની પ્રીતથી, કર્મ બંધ સંસાર;
ફળ તેનું ગતિ ચારમાં, ભમવું વારમવાર. ૨૪
નિજ સ્વરૂપ ગણ નિજનું, પર ગણ પરિગ્રહ દેહ;
ભાવે નિજ નિજને ભજી, છોડ દેહસું નેહ.૨૫
વિશ્વ રચના વિચારતાં, થાય સ્વરૂપ સમ્પૂર્ણ;
પુષ્પચંદ એથી મળે, શીવ મંદીરમાં સુખ.૨૬

૪ ચોથી એકત્વ ભાવના.

સર્વ અવસ્થામાં સદા, જીવ એકલો જોય;
ગહન પંથ ગતિ ચારનો, સાથી ન મળે કોય. ૬

પ્રત્યેક ભવમાં એકલો, જનમે મરે સદાય;
કર્મ એકલો ભોગવે, થાય ન કોઇ સહાય. ૨
કરમ કરી જીવ એકલે, પોષ્યો પિંડ પરિવાર;
ખાનારાં સૌ ખસી ગયાં, કરતા ભોગવનાર. ૩
અત્યંત દુઃખ જે નર્કનાં, અસહ્ય સહ્યાં ન જાય;
તે ભોગવે જીવ એકલો, પાપ ઉદય જો થાય. ૪
સુખ સમૃદ્ધિ સ્વર્ગનાં, અનુપમ જે કહેવાય;
તે પણ ભોગવે એકલો, પુન્ય ઉદય જો થાય. ૫
જન્મ મરણ સુખ દુઃખમાં, સગાં ન સાથી કોય;
કર્યાં કર્મ પ્રત્યેકને, ભોગવતાં તું જોય. ૬
પરિવારને પોષવા, કર્યાં કલંકિત કામ;
ભોગવવા જીવ એકલો, ભમે નર્કાદિ ઠામ. ૭
કુડ કપટે ધન મેળવ્યું, તે ખાંતે ખાનાર;
અરે વખત ખસી જશે, રહ્યો તું ભોગવનાર. ૮
પ્રત્યક્ષ આજ નિહાળીએ, જન્મ મરણ જે થાય;
જન્મે તે મરે એકલો, સાથે કોઇ ન જાય. ૯
અજ્ઞાન દશાએ જીવ આ, સમજ્યો ન નિજ સ્વરૂપ;
પરને નિજ માની રહ્યો, જાણી આતમ રૂપ.૧૦

જડ ચૈતન્યથી એકતા, માને મોહથી કોય;
કર્મ બંધ નિજ ભાવથી, કર્યા કરે છે જોય.૧૧
સ્વ સ્વરૂપથી સર્વથા, ન્યારાં ગણે અનિત્ય;
અંતર ભાવ શુદ્ધિ થતાં, થાય મુકત બચીત.૧૨
શુદ્ધ સ્વરૂપ ન નિજ ગણ્યું, ઉદય મોહ અજ્ઞાન;
પરને નિજની એકતા. કર્મબંધનું સ્થાન.૧૩
શુદ્ધ સ્વરૂપ નિજ એકતા, પર તે પર પરખાય;
થાય નિર્જરા અનુક્રમે, મોહ નજીક જવાય.૧૪
મોહ રહિત આત્મા, ચિંતવે એકતા એક;
છુટે સંબંધ સંસારથી, કર્મ ન વળગે છેક.૧૫
નિશ્ચય નયથી આત્મા, નિર્મળ જ્ઞાન સ્વરૂપ;
પર સંગે સંસારમાં, સંગ તજ્યે શીવ રૂપ.૧૬
નિસંગ છે નિજ આતમા, પર સંગે પીડાય;
પુષ્પચંદ તજ સંગ તો, પંચમ ગતી પમાય.૧૭

---

૫ પાંચમી અન્યત્વ ભાવના.

નિશ્ચય નયથી આતમા, ચિદાનંદ સ્વરૂપ;
કર્મ બંધની દ્રષ્ટિએ, દેખાએ દેહ રૂપ. ૧

આત્મા ચૈતન્ય નિત્ય છે, છે જડ દેહ અનિત્ય;
અનાદિ કાળ અભ્યાસથી, થઇ એકતા પ્રતિત. ૨
મેલ ખાણુમાં મળી રહ્યો, સુવર્ણ શોધ્યે ભીન;
દેહ આત્માની એકતા, કર્મ મેલ આધીન. ૩
અમૂર્તિક ચૈતન્ય જીવ છે, મોહથી ચલન સ્વભાવ;
અચેતન મુર્તિક દેહને, નહિ ચલનનો દાવ. ૪
જીવ એ મૃત્યુક દેહનો, શિર ઉપાડી ભાર;
હલન ચલન શકિત કરે, એ છે જુદો ધાર. ૫
પુદ્‌ગળ રચના દેહ આ, અનિત્ય જડ આકાર;
ચેતન નિત્ય નિજ ભાવથી, નિરંજન નિરાકાર. ૬
વસતાં ગર્ભાવાસમાં, હતું ન સાથ શરીર;
મૂકી દેહ મૃત્યુ સમે, પામ્યો અન્ય શરીર. ૭
ક્ષીર નીર તલ તેલને, પુષ્પે જેમ સુવાસ;
તેમજ દેહમાં આતમા, દેહ જેવડો ખાસ. ૮
તલ તેલ ક્ષીર નીર સમ, આત્મા વ્યાપી દેહ;
પણ નિશ્ચય છે જુજવાં, નથી તેમાં સંદેહ. ૯
લુણ પાણીમાં ઓગળી, જણાય નિર્મળ નીર;
અગન આંચ દેખાડતાં, લુણથી ન્યારૂં નીર.૧૦

આત્મ દેહ અન્યત્વનાં, આ સરવે એંધાણ;
આત્માર્થી વિચારતાં, પામે આતમ ભાન.૧૧

(દેહ આત્મા એક દેખાય છે છતાં ભિન્ન છે તો પછી અન્ય સ્વજન પરિવાર પરિગ્રહાદિના ભિન્નપણામાં સંદેહ શો? તે કહે છે).

દેહ આત્માની ભિન્નતા, પામ્યો જેહ પ્રવીણ;
કુટુંબ પરિગ્રહ તો પછી, સહજ જણાયે ભિન્ન.૧૨
જડ ચેતન સહવાસમાં, આવ્યા આવે કોય;
સૌ સ્વતંત્ર નિજ રૂપથી, ભિન્ન ભિન્નતા જોય.૧૩
પુત્ર મિત્ર પરિવારને, અન્ય પરિગ્રહ કોય;
સરવે તુજથી ભિન્ન તે, નિજપણે કેમ હોય.૧૪
પિતુ માતા સ્ત્રી પુત્રનો, જુજવેથી અવતાર;
પરમાં નિજપણ નવિ ઘટે, મળ્યાં કર્મ અનુસાર.૧૫
પદાર્થ સહુ ત્રીલોકના, તુજ સ્વરૂપથી ભિન્ન;
સ્વ સ્વરૂપે સૌ જુજવા, નહિ તારે સ્વાધીન.૧૬
કાળ અનાદિથી થઇ, પર પુદ્ગળથી પ્રીત;
આવરતન ગતિ ચારનું, કારણ એજ ખચીત.૧૭

ચૈતન્ય નિજ સ્વરૂપ જે, પર ભાવથી ભિન્ન;
ભવ ભ્રમણને ટાળવા, ધરો ધ્યાન થઇ લીન.૧૮
સર્વ દ્રવ્ય સંસારના, નિજ નિજ સત્તાધીન;
ભિન્ન ભિન્ન એક એકથી, મળે નહિ કો દીન.૧૯
પરમાં હું મારાપણું, ભ્રમથી ભુલચે થાય;
નિજપણું નિજમાં જડયે, કર્મ સંબંધ કપાય.૨૦
અન્યત્વ ભાવના ભાવતાં, સ્વ પર થાય પિછાન;
પુષ્પચંદ એથી મળે, અંતે કેવળ જ્ઞાન.૨૧

---

૬ છઠ્ઠી અશુચી ભાવના.

રજ શુક્ર સંયોગથી, સંચર્યો ગર્ભાવાસ;
અશુચી સ્થાન મળ મુત્રમાં, કર્યો વાસ નવ માસ.
ખરડાયો મળ મુત્રથી, કર્યો રૂધિર અહાર;
જનમ્યો ઊંધે મસ્તકે, મળ મુત્રને દ્વાર.
રજ શુક્રના બીજથી, બંધાયો આ દેહ;
નવનીક દુરગંધી વહે, ધાતુ ઉપધાતુ ગેહ.

લોહી માંસ મજા ભર્યું, અસ્તિ પીંજર જેહ;
નાડી બંધ બાંધ્યા બહુ, મઢ્યું ચામથી તેહ. ૪
દુર્ગંધમય આ દેહમાં, કશી વસ્તુ નહિ સાર;
સડતી પડતી વિનસતી, તોપણ મોહ અપાર. ૫
કૃમિ જીવની કોથળી, વાત પીતાદી દોષ;
કોપી કષ્ટ આપે ઘણું, દેહ દરદનો કોષ. ૬
મહા મલીન આ દેહની, શુદ્ધિ કદી ન થાય;
નિર્મળ જળ સાગર તણું, ધોએ મલિન જણાય. ૭
સુગંધી ખટ રસ ભલા, ઉદરમાં ઓરાય;
રૂપ રસ ગંધ પાલટી, મળ રૂપે ગંધાય. ૮
ત્વચા મઢેલ ન હોય તો, આવે કેવો ખ્યાલ;
હાડપીંજર માંસે ભર્યું, બિહામણું વિકરાળ. ૯
શરીર રૂપી પીંજરૂં, સદા રોગનું ધામ;
પોષણ માગે નિત નવું, નહિ કદીએ વિશ્રામ. ૧૦
અવગુણ એવા દેહમાં, છતાં એક છે લાવ;
સમ્યક્ જ્ઞાન ચારિત્રથી, ભવ તરવાનું નાવ. ૧૧
અનાદિ કાળથી અનુક્રમે, દેહ સાથ સંબંધ;
દારૂણ દુઃખ પણ એ થકી, કરમે બાંધ્યા બંધ. ૧૨

અંતિત થાય સ્વ પરતણી, મનાય દેહને ભિન્ન;
સ્વ સ્વરૂપ ન્યારૂં થતાં, નહિ કરમ આધિન.૧૩
સ્વ સ્વરૂપ નિશ્ચય થયે, મટે રાગ ને દ્વેષ;
સમભાવ વરતાય ત્યાં, નહિ કરમ લવલેશ.૧૪

કવિત–મનહર.

હાડ માંસ મઢયું ચામ, મળ મુત્ર તણું ઠામ,
કૃમિ જીવ તણું ધામ, શુચી શોધી શું જડે?
રોગનું છતાં નિધાન, માગે નિત્ય ખાનપાન,
સંતોષ્યે ન સમાધાન, વિષયો ચિતે ચડે.
ભોગવીને ભોગ ચોરી, લાવે નવ નવા રોગ,
કરમ સંજોગે કષ્ટ, આકરાં આવી પડે.
તજી મોહ ન્યારી ગણી, વાળો તપશ્ચર્યા ભણી,
મનુષ્ય દેહ તો મણી, શીવ સુખ સાંપડે.૧૫

દોહરો.

નિર્મળ નિજ આતમા, દેહ અશુચી ગેહ;
ગણી ભજું નિજ ભાવને, છોડી દેહસું નેહ.૧૬

અશુચી ભાવના ભાવતાં, મળે સમાધિ લાવ;
પુષ્પચંદ એ અંતમાં, ભવ તરવાનું નાવ.૧૭

૭ સાતમી આશ્રવ ભાવના.

મન વચન કાયા તણી, ક્રિયા શુભાશુભ યોગ;
આશ્રવ તે પણ એજ છે, નિશ્ચય તજવા જોગ. ૧
જેમ નાવના છીદ્રથી, આવે નીરની નીક;
જીવ શુભાશુભ યોગથી, બાંધે કરમ અધીક. ૨
યમ[1] પ્રશમ[2] નિર્વેદતા[3], તત્વ અવલંબન સાર;
શુભ આશ્રવ શુભ કર્મનો, છે સંચય કરનાર. ૩
મૈત્રી પ્રમોદ કારૂણ્યને, માધ્યસ્થ એ ચાર;
ભાવે ભાવના જીવ તો, શુભ સંચય હિતકાર. ૪
ક્રોધ માન માયા અને, ચોથો લોભ કષાય;
વિષયમાં વ્યાકુળપણે, અશુભ સંચય થાય. ૫
વિષયમાં વ્યાકુળ રહી, કષાય સેવી ચાર;
આર્ત રૌદ્ર ધ્યાને કરી, વધારવો સંસાર. ૬

---

૧ અણુવ્રત, મહાવ્રત, ૨ કષાયોની મંદતા.
૩ સંસારથી વિરકતતા અથવા ધર્માનુરાગ.

વિષય કષાય કરી પરા, જીતે રાગ ને દ્વેષ;
વરતે સરલ સ્વભાવથી, સંચે શુભ વિશેષ. ૭
વ્યાપાર જીવ વિરાધના, આરંભકારી કામ;
અશુભ કર્મ ત્રિયોગથી, અશુભ આશ્રવ નામ. ૮
મિથ્યાત્વ અવિરતિ પ્રમાદને, અશુભ જોગ કષાય;
પાપ સ્થાન અઢારથી, અશુભ આશ્રવ થાય. ૯
સમ્યક્ત્વ અપ્રમાદ વિરતિ, શુભ જોગ અકષાય;
સેવે ન પાપ સ્થાન તો, શુભ આશ્રવ લેવાય. ૧૦
નિશ્ચય નયથી નિશ્ચયે, આત્મા જ્ઞાન સ્વરૂપ;
આશ્રવથી અળગા થએ, છે શુદ્ધ નિજ સ્વરૂપ. ૧૧
આશ્રવને અળગા કરી, ધરીએ સંવર ભાવ;
પુણ્યચંદ તપસ્યા વડે, ભવ તરવાનું નાવ. ૧૨

---

૮ આઠમી સંવર ભાવના.

સરવે આશ્રવ દ્વારને, રોકી મન વચ કાય;
સંવર દ્રવ્ય કે ભાવથી, અનુસરીએ તો થાય. ૧

મન વચન કાયા થકી, રોકો આશ્રવ દ્વાર;
દ્રવ્ય સંવર થાએ સદા, એ તો નય વ્યવહાર. ૨
કર્મ ગ્રહણ ક્રિયા સહુ, તજે અભ્યંતર શુદ્ધ;
ભાવ સંવર પ્રભાવથી, નિર્મળ આત્મા બુદ્ધ. ૩
સર્વ કલ્પના જાળને, મેલી મનથી દૂર;
સ્વ સ્વરૂપ સ્થિર થાય તો, નથી મોક્ષ કંઇ દૂર ૪
સમિતિ ભાવ વિશુદ્ધતા, ક્ષમા આદિ દશ ધર્મ;
દ્વાદશ ભાવના ભાવવી, એ સંવરનો મર્મ. ૫
આત્મા કાળ અનાદિથી, આશ્રવને સહવાસ;
ભૂલ્યો ભાન સ્વરૂપ તે, બન્યો કર્મનો દાસ. ૬
જ્યારે જાણી સ્વરૂપ ને, થાય તેહમાં લીન;
સંવર રૂપ થઇ સર્વથા, કરે કર્મને ભિન્ન. ૭
આશ્રવ ભરતી આવતી, સંવરથી રોકાય;
પુરવ કરમની નિરજરા, થાતાં મોક્ષ જવાય. ૮
નિજ સ્વરૂપમાં લીનતા, નિશ્ચય સંવર એહ;
સંયમ શુદ્ધ ચારિત્રથી, આશ્રવ પામે છેહ. ૯
લીન થવું નિજ સ્વરૂપમાં, નિશ્ચય સંવર ભાવ;
પુષ્પચંદ એ ધ્યાન છે, ભવ દધિ તરવા નાવ. ૧૦

---

૯ નવમી નિર્જરા ભાવના.

આવક અટકી આવતી, આવ્યો સંવર ભાવ;
શેષ રહ્યાં તે ટાળવા, સાધ નિર્જરા દાવ. ૧
સકામ અકામ બે ભેદથી, કર નિર્જરા વિચાર;
તપથી કર્મને ટાળવા, સકામ નિર્જરા ધાર. ૨

શુદ્ધ ચારિત્રથી આદરે, તપસ્યા બાર પ્રકાર;
ચુકવી કર્મ લે ભોગવી, સકામ નિર્જરા ધાર. ૩
ત્યાગી થઇ તપસ્યા વડે, આણિ ઉદયમાં કર્મ;
કરે નિર્જરા સર્વથા, એ કેવળી પદ મર્મ. ૪

ફળ પકવવા કારણે, આદરીએ ઉપાય;
કર્મ ફળ તપસ્યા તાપથી, પાકી ખરે સદાય. ૫
સંસારી સહુ જીવને, અકામ નિર્જરા થાય;
પાકીને ફળઝાડથી, ખરશે વિણ ઉપાય. ૬

કરમ ઉદય ફળ આપીને, ખરતાં રહે સદાય;
ખુલ્લા આશ્રવ દ્વારથી, નિત નિત સંચય થાય. ૭
સદોષ સોનું તાપથી, શોધ્યો થાય વિશુદ્ધ;
કર્મ કલંકિત જીવ તે, તપથી થાય સ્વશુદ્ધ. ૮

અનાદિ આવરતન અતી, કરમે બાંધ્યો જીવ;
છતાં તપસ્યા ધ્યાનથી, થાય નિર્જરી શીવ. ૯
બાહ્ય અભ્યંતર તપ તપી, ધરે ધ્યાન મુનિરાય;
પાપ પ્રલય કરી આદિનાં, કેવળ જ્ઞાની થાય.૧૦
જાણી નિજ સ્વરૂપને, કર્મ ન નવાં કરાય;
જુના તપસ્યા ધ્યાનથી, બાળી મોક્ષ જવાય.૧૧
બાહ્ય અભ્યંતર તપ કરે, નીરારંભ નીર આશ;
સંચીત બાળી મેળવે, શુભ ગતિનો પાસ.૧૨
બાહ્ય અભ્યંતર તપ કરે, નીરારંભ નીર આશ;
સંચીત બાળી મેળવે, આત્મજ્ઞાન પ્રકાશ.૧૩
સંવરમય આ આતમા, કરમ મેલ કપાય;
પુષ્પ સ્વરૂપ નિહાળતાં, સહેજ મોક્ષ જવાય.૧૪

૧૦ દશમી ધર્મ ભાવના.

ક્ષમા, માર્દવ[૧] શૌચ[૨] ને, આર્જવ[૩] સંયમ સત્ય;
બ્રહ્મચર્ય તપ ત્યાગ છે, અકિંચન ધર્મ કૃત્ય. ૧

૧ કોમળતા, મૃદુતા, નમ્રતા, નિરાભિમાનતા, ૨ પવિત્રતા, નિર્મળતા, ૩ સિધાપણું, નિઃકપટપણું; અવક્રપણું.

દશ લક્ષણ એ ધર્મનાં, દેખો જેની પાસ;
શરણ ગ્રહણ કર તેહનું, રાખી મન ઉલ્લાસ. ૨
વિપરીત લક્ષણ દેખતાં, વરતે દીલ ઉદાસ;
અધર્મ જાણી એહની, તજવી સોબત ખાસ. ૩
ષટ દર્શન ખોળી જુઓ, વળી અનેક અનાર્ય;
કોઇક નામ દઇ ધર્મનાં, કરે અત્યંત અકાર્ય. ૪
ધરમ ધરમ મુખથી વદે, નહિ ધર્મનો લક્ષ;
જાણ્યા છતાં ન આદરે, તાણી રહે નિજ પક્ષ. ૫
ધરમ માર્ગ ત્રીકાળમાં, હોએ એકજ રૂપ;
મત મતાંતર માનથી, પલટયાં ધર્મ સ્વરૂપ. ૬
અન્ય પંથ મત સંપ્રદા, ઉપજી સમે ખચીત;
ધર્મ અવીચળ એક છે, સત્ય સ્વરૂપી નિત્ય. ૭
દુરગતી જાતાં જીવ ને, ધરી રાખે તે ધર્મ;
રખડાવે ગતિ ચારમાં, ધર્મ નહિ પણ કર્મ. ૮
શરણ ગ્રહી સત્ય ધર્મનું, ભાવો ભાવના બાર;
સીડી મોક્ષ દુવારની, ચઢવાનો આધાર. ૯
કોય જીવિકા કારણે, કોય પુજાવા કાજ;
કોઇક મત મમત્વથી, પંથ નિકળ્યા આજ.૧૦

સુધર્મ દશ અંગે કહ્યો, વળી ઉપાંગ અનેક;
ઉણુપ જેટલા અંશથી, આંકો કીંમત છેક.૧૧
ઘટે ન ઉપમા ધરમને, ધર્મ સમોવડ ધર્મ;
પ્રત્યક્ષ પ્રભા જો ધર્મની, જીવન મુકત નિઃકર્મ.૧૨
આત્મા ધર્મ અનાદિના, કર્પે દોષિત જીવ;
ધરમ રૂપ નવિ પાલટે, જેમ અચળ શ્રી શીવ.૧૩
કરે રૂપાંતર કોય તો, તુરત ભેદ જણાય;
ધર્મ ધ્રુવ સત્ય નિત્ય તે, રહે સ્વરૂપી સદાય.૧૪
કલ્પવૃક્ષની ઉપમા, આપે જ્ઞાની કોય;
ઇચ્છિત ફળ આવી મળે, ધર્મ ધ્યાનથી જોય.૧૫
નર્ક નિગોદ ગતી ટળી, મળે સ્વર્ગ વિમાન;
ધરમે દુર્લભ છે નહિ, પદવી જ્ઞાન નિધાન.૧૬
કલ્પવૃક્ષ ચીંતામણી, કામ ધેન નવ નિધ;
સેવક એ સહુ ધર્મનાં, સેવો ધર્મ સુવિધ.૧૭
જગવાસી સહુ જીવને, ધરમ એજ આધાર;
સિંચી જળ અમૃત સુખનું, અંત ઉતારે પાર.૧૮
મેઘ પવન રવિ ચંદ્રમા, સમુદ્ર પૃથ્વિ કોય;
થાય ઉપકારી ધર્મથી, અધર્મે વિપરીત હોય.૧૯

સર્પ હસ્તિ વિષ વ્યાઘ્ર કે, અગ્ની રાક્ષસ કોય;
સિંહ સહિત રક્ષણ કરે, શરણ ધરમનું હોય.૨૦
ધર્મ સહાયે સાંપડે, મન વંછિત ઉપભોગ;
ધન ધાન્ય પરીવારનો, મળે સગળ સંયોગ.૨૧
ગુરૂ બાંધવ સ્વામી સખા, હેતૂ રક્ષક મીત્ર;
શરણ અવલંબન જીવનું, સેવો ધર્મ પવિત્ર.૨૨
દશ અંગે પણ ધર્મ છે, બીજો વસ્તુ સ્વરૂપ;
રત્ન ત્રય ત્રીજો ધર્મ જો, દયામય ચોથું રૂપ.૨૩
વસ્તુ રૂપ મહિમા ફળ થકી, ધર્મ અનેક પ્રકાર;
અભ્યંતર આરાધતા, મુક્તિ પદ દાતાર.૨૪
ધર્મ ભવાંતરને વિષે, ચાલે જીવની સાથ;
રક્ષિત થઇ ગતિ ઉંચમાં, સ્થાપે ઝાલી હાથ.૨૫
અભ્યુદય સર્વ પ્રકારનો, મન વાંછિત દાતાર;
આનંદ કંદ આ જગતમાં, ધરમ એક આધાર.૨૬
પુણ્ય ધર્મ પસાયથી, મળ્યો મનુષ્યા દેહ;
કર નિશ્ચય નિજ રૂપનો, ધરી ધર્મસું નેહ.૨૭

૧૧ અગિયારમી લોક સ્વરૂપ ભાવના.

જ્ઞાનીની દષ્ટી થકી, જડ ચૈતન્ય દેખાય;
તે તો લોકાકાસ છે, બાકી અલોક સદાય. ૧
ત્રણ ભુવન તે લોકમાં, તાડ વૃક્ષ આકાર;
પહોળો મધ્ય અંતમાં, લહો અધિક વિસ્તાર. ૨
નીચે નર્કાદિક છે, મધ્યે મૃત્યુ લોક;
અંત સ્વર્ગ શોભે સદા, એ રચના ત્રિલોક. ૩
સદા સાસ્વતો લોક છે, આદિ અંત રહીત;
કરતાની કૃતિ ગણે, હોય મતિ વિપરીત, ૪
કચ્છપ શેષની ફેણનો, માને કોઇ આધાર;
અધર લોક આકાશમાં, નહિ આધાર લગાર. ૫
સ્વયં સિદ્ધ અનાદિ છે, અવિનાશી આ લોક;
કરતા હરતા કો નથી, ભર્યો જીવાદિક થોક. ૬
સહુ પ્રાણી ત્રીલોકમાં, જન્મે મરે સદાય;
કર્મ પ્રમાણે ભોગવે, સુખ દુઃખ આયુષ્ય કાય. ૭
જીવાદિક ખટ દ્રવ્યની, રચના તે ત્રીલોક;
છએ સ્વ સ્વભાવથી, જુજવે જુજવે થોક. ૮

તેમાં આ નિજ આતમા, જીવ દ્રવ્ય છે એક;
મોહથી મુંઝાણો થકો, પામ્યો ન છેડો છેક. ૯
લોક સ્વરૂપ વિચારીને, પામી આતમ રૂપ;
મુખ્ય સ્વરૂપ રમણ થતાં, અવિચળ સુખ અનુપ. ૧૦

૧૨ બારમી બોધી દુર્લભ ભાવના.

(જેમાં નીગોદથી નીકળી ઉત્તરોત્તર સમ્યક્ દર્શનની પ્રાપ્તિ પર્યંત ધર્મ પામવાની દુર્લભતા બતાવે છે.)

નર્ક અને નીગોદમાં, વસ્યો કાળ અનંત;
સ્થાવરમાં પણ આવિયો, થતાં ઉદય અત્યંત. ૧
અનંત ઉદયથી નિકળ્યો, મળી તહાં ત્રસ કાય;
દુર્લભ પંચેંદ્રિયપણું, સાથ નિરોગી કાય. ૨
મનુષ્ય ભવ મુશ્કેલીએ, પામ્યો પુન્યે કોય;
દેશ કૂળ અનુકૂળતા, દુર્લભ દુર્લભ જોય. ૩
પાંચે ઈંદ્રિ પુરી નહિ, અપુર્ણ આયુષ્ય કર્મ;
કે આવર્ણ અજ્ઞાનનું, દુર્લભ પામવો ધર્મ.

કદિ પુન્ય પ્રતાપથી, મળ્યાં અનુકુળ એહ;
વિષય વાસના વાધતાં, દુર્લભ ધર્મ સ્નેહ. ૫
તત્વ નિર્ણય દુર્લભ અતી, સરે ન એ વિણુ અર્થ;
સમ્યગ્ મારગ દોહીલો, પામે કોઇક સમર્થ. ૬
કદી મહા પુન્ય પ્રભાવથી, મળ્યા સર્વ સંજોગ;
પ્રમાદ વશ થઇ પરવર્યો, કામ અર્થ પ્રયોગ. ૭
સમ્યક્ રત્નત્રય માર્ગથી, પડે મિથ્યાત્વ પ્રસંગ;
દુરલભ દિલમાં સ્થાપવો, ધરમ સાથ સુરંગ. ૮
બોધિ રત્ન પામ્યા પછી, ખોયું ભવ દધિ માંય;
મળવું મુસ્કેલ થઇ પડે, શોધ્યું મળે ન ક્યાંય. ૯
સર્વે દ્રવ્ય સમુહ તે, મેળવવાનું સહેલ;
બોધી રત્ન સંસારમાં, સાંપડવું મુસ્કેલ.૧૦
સમ્યક્ જ્ઞાન દર્શન અને, ચારીત્ર એ ત્રી રત્ન;
બોધી રત્નત્રય મેળવી, સાચવવું કરી યત્ન.૧૧
વાસ્તવિક વિચારતાં, સ્વાધિન મળે સહેલ;
વસ્તુ પરાધીન પામવી, એ તો મહા મુશ્કેલ.૧૨
આત્મ સ્વભાવ ત્રી રત્ન છે, છે નિજનાંજ સદાય;
આવરણો આડાં કર્મનાં, ભ્રાંતિમય દેખાય.૧૩

એ આવરણો તોડવા, આદરીએ ઉપાય;
બોધી સ્વરૂપ નિજ આતમા, સુરલભપણે જણાય.૧૪
બોધી સ્વરૂપ નિજ આતમા, બોધી રત્ન પર્યંત;
ઉત્તરોત્તર પર્યાય સહુ, કરો સાચવવા યત્ન.૧૫
મહા મહેનતે મેળવી, છે નિશ્ચય નિજ પાસ;
બોધી નિજ સ્વભાવ છે, શુદ્ધ ભાવે ભવ નાશ.૧૬
પ્રમાદથી પ્રાપ્તિ નથી,

ઉપસંહાર.

અનુપ્રેક્ષા દ્વાદશ ભલી, અંતર આરોપાય;
રંગ રંગે રંગ લાગતાં, જીવન મુક્ત જણાય. ૧

છપય.

ભાવો ભાવના બાર, નિરંતર રહી નિજ ધ્યાને;
કષાય રાગ ને દ્વેષ, જાય અંતર અજ્ઞાને.
થાયે જ્ઞાન પ્રકાશ, સ્વ પર દ્રવ્ય જણાએ;
ઉર ઉપજે વૈરાગ્ય, કર્મની નિર્જરા થાએ.
ઉત્કૃષ્ટ વૈરાગ્યથી, ધ્યાની ધ્યાન સ્થિર થાય છે;
સ્વ સ્વરૂપ રમણ થકી, અંતે મોક્ષ જવાય છે. ૨

દોહરો.

સર્વ સુત્રનો સાર આ, આત્મજ્ઞાનનું મૂળ;
પુષ્પચંદ આરાધવા, આ અવસર અનુકૂળ. ૩

ઉપર લખી બાર ભાવના મોક્ષ રૂપી મહેલની મેડી ઉપર ચડવાને સોપાન એટલે પંગથીઆં રૂપ છે, અને સીડી ઉપર ચઢતાં લથડી ન જવાય માટે દોરીનો આધાર જોઇએ, તેમ નીચે લખી મૈત્રિ આદિક ચાર ભાવના અવલંબન દોરી રૂપ છે.

મૈત્રિ, પ્રમોદ, કારૂણ્ય ને, માધ્યસ્થ એ ચાર;
ભાવો ભાવના ભાવથી, ભવ ભયને હરનાર. ૧

મૈત્રી ભાવના.

સુક્ષમ બાદર જીવને, ત્રસ સ્થાવર ખટકાય;
પરમ મિત્ર ગણી સરવનો, ઇચ્છું ઉદય સદાય. ૧
ઇચ્છું પરસ્પર જીવમાં, વધો સદા સમભાવ;
જીવો સુખમાં દુઃખ તજી, થાય ન કર્મ જમાવ. ૨

પ્રમોદ ભાવના.

રિદ્ધિ, સિદ્ધિ ચારિત્રમાં, ચઢતા દેખી કોય;
મહા ભાગ્ય ગણી માનથી, મુજ મન મુદીત હોય. ૧
દયાળુ દુઃખી દેખી થવું, સુખી દેખી રળીયાત;
પ્રમોદ પર ઉત્કૃષ્ટમાં, નિજ ઉદયની વાત. ૨

કારૂણ્ય ભાવના.

રોગ, શોગ, ભઈ, દીનતા, દુઃખે પીડાતાં જેહ;
ઉપજો બુદ્ધિ એહવી, કરૂં સાહ્ય ધરી સ્નેહ. ૧
ભૂખ, તૃષા, વધ, બંધને, સહે શીત ને તાપ;
ટક મળજો એ જીવના, મટાડવા સંતાપ. ૨
નિર્દય નરના હાથથી, મરતાં જીવ જણાય;
મન, વચ, કાયા, વીતથી, આપું યોગ્ય સહાય. ૩
માનવ સૌ મૈત્રિપણે, ધરો પરસ્પર પ્રેમ;
સબળ અબળની સહાયમાં, રહો રાખીને રહેમ.
વાપરવા વીત ન હોય તો, કરૂણા આણી ઉર;
મન વચ કાયા થકી, કરવી સાહ્ય જરૂર.

માધ્યસ્થ ભાવના.

રાગ દ્વેષ રહીત જે, વિચરે છે વિતરાગ;
એમ ઉદાસીનતા થવી, નથી આજ એ લાગ. ૧
તો પણ ભાવના ભાવતાં, ત્રુટે કર્મ જમાવ;
કોઇક ભવે માધ્યસ્થ થઇ, મળે મોક્ષનો લાવ. ૨
સાત વ્યસનને સેવતા, કષાય સાથે ચાર;
ઉપેક્ષા કરી તેહની, ઉદાસીનતા ધાર. ૩
ધર્મ વિમુખ નાસ્તિક કહો, ક્રૂર નીચ ચાંડાલ;
કર્મે પ્રેર્યા પાપમાં, દયાજનક એ બાળ. ૪

સ્વ સ્વરૂપ નિશ્ચય થવા, તજવા વિષય વિકાર;
રાગ દ્વેષાદી જીતવા, ભાવું ભાવના ચાર. ૧
સીડી મોક્ષ દુવારની, કહી ભાવના બાર;
અવલંબન દોરી થશે, ભાવ ભાવના ચાર. ૨
અતિ રહસ્ય એમાં રહ્યું, સર્વ સુત્રનો સાર;
પુષ્પચંદ વિચારતાં, પામે ભવનો પાર. ૩

સોળ ભાવનાઓથી વૈરાગ્ય ઉપજ્યા પછી અઢાર પાપસ્થાન તથા આઠ કર્મથી મુક્ત થવાને માટે ચોવીસ જીન સ્તુતિ રૂપ ભાવના પચીસી કહે છે.

આદિ પ્રભુ સુણિ અરજ આ, આપો અંતર જ્ઞાન;
તજું હિંસા હું જીવની, ગણીને નિજ સમાન. ૧
અજિત જિન જીત્યા તમે, આઠ કર્મનાં વૃંદ;
મુજથી એક મુકાવજો, મૃષાવાદનો ફંદ. ૨
સંભવનાથ સહાયથી, સેવું ન અદત્ત દાન;
એહ પ્રતિજ્ઞા પાળવા, સહાય કરો ભગવાન. ૩
અભિનંદન વંદન કરી, માગું મુખથી એમ;
અબ્રહ્મચર્ય અનાદિનું, તજવા રાખું નેમ. ૪
સુમતિનાથ સુમતિ દિયો, તજું પરિગ્રહ એમ;
પુદ્ગળ રચના પારકી, હરખ શોક ધરૂં કેમ. ૫
પદ્મ પ્રભુ પ્રભાવથી, કરી ક્રોધને દૂર;
ક્ષમાવંત રહું ખંતથી, તજાય દોષ જરૂર. ૬
સુપાર્શ્વ સ્વામી પસાયથી, મરદું માન અમીર;
અનંત કાળથી અહંપદે, ભોગવું ભવ જંજીર. ૭

ચંદ્ર પ્રભુ ચિત્ત ચાહતાં, છુટે માયા જાળ;
પ્રપંચ બધા પરલે થતાં, પ્રસરે મંગળ માળ. ૮

સુવિધિ સ્વામી સેવતાં, ચિત્ત ધરી સંતોષ;
લોભ લાલસા લય કરૂં, જે છે મોટો દોષ. ૯

શિતળ જીન સહાય કરો, એવું હું સમભાવ;
રાગ દ્વેષને ચેસવા, કદી ન ફાવે દાવ. ૧૦

શ્રંશનાથ આશ્રય આપની, ટાળો આત્મ કલેશ;
પ્રત્યાખાન પણ આજથી, તજાવશો લવ લેશ. ૧૧

વાસુપુજ્ય દિલે વસો, પૈશુન્ય પાપ તજાય;
પર પરિવાદ ને રઇ અરઇ, માયા મોસો જાય. ૧૨

વિમળનાથ વિનતિ કરી, માગું વિનય સહીત;
મિથ્યા દર્શન શલ્ય જઇ, પામુ શુદ્ધ સમકીત. ૧૩

અનંત અનંત પ્રભાવથી, આપો અવિચળ વાસ;
અષ્ટ કર્મ અરી આકળા, રહે ન તેનો ત્રાસ. ૧૪

ધર્મ ધુરંધર ધ્યાનથી, આશા રાખું એક;
જ્ઞાનાવરણી કર્મનો, છુટે પાટો છેક. ૧૫

શાંતી શાતા આપવા, છે જગના આધાર;
દર્શનાવરણી કર્મથી, કરજો મુજ ઉદ્ધાર. ૧૬

કુંથુનાથ કૃપા કરી, આપો માગું આજ;
વેદની કર્મ નીવારજો, પામું સાતા સાજ. ૧૭

અરજ કરૂં અરનાથજી, કરો કૃપા કરૂણાળ;
મોહ પાસના બંધથી, છોડો દીન દયાળ. ૧૮

મલ્લિ જીણંદ મયા કરો, જન્મ મરણ દુઃખ જાય;
આયુષ્ય કર્મને ટાળવા, માગું આપ સહાય. ૧૯

મુનિ સુવ્રત સુવ્રત દઈ, કાપો નામ નિશાન;
ગોત્ર કર્મ તો કાપશો, નેમિનાથ ભગવાન. ૨૦

અંતરાય અલગ થતાં, ફાવે સઘળા દાવ;
નેમ પ્રભુજી આપશો, ત્રી રત્ન શુભ લાવ. ૨૧

પાર્શ્વ પ્રભુ પ્રભાવથી, પ્રગટે પુન્ય પ્રતાપ;
રાગ દ્વેષ દૂરે થતાં, મટે સર્વ સંતાપ. ૨૨

શ્રીવર્ધમાન વૃદ્ધિ કરો, સર્વ સ્થાને સમભાવ;
આપ તણા ઉપદેશમાં, એ તરવાનું નાવ. ૨૩

ભાવે ભાવના ભાવતાં, નિર્જરે કર્મ જરૂર;
આતમ શક્તિ ઉદય થતાં, નથી મોક્ષ કંઇ દૂર. ૨૪
પુષ્પચંદ જીન જાપથી, તજીએ પાપ અઢાર;
અષ્ટ કર્મ અરી ભય થકી, મૂકાવે નીરધાર ૨૫

અઢાર પાપસ્થાન અને અષ્ટ કર્મ નિવારણાર્થે ચોવીસ જીન સ્તુતિ રૂપ ભાવના ભાવ્યા પછી ધ્યાન તરફ લક્ષ દોરવે છે.

સંક્ષિપ્ત ધ્યાન સ્વરૂપ.

અનાદિ અનંત સંસાર છે, આ સંસાર સ્વરૂપ;
દુરલભ તેમાં પામવો, મનુષ્ય જનમ મંગીરૂપ. ૧
કાગ તાડ ફળ ન્યાયથી, મળ્યો જોગ આવાર;
નિશ્ચય કર નિજ રૂપનો, મેલી મોહ લગાર. ૨
મનુષ્ય જન્મ સાર્થક થવા, કર પુરૂષારથ ચાર;
ધર્મ અર્થ ને કામ છે, ચોથો મોક્ષ વિચાર. ૩
મધ્ય એને અધમ ગણી, લેવો ધર્મ આધાર;
પરમ પુરૂષારથ આદરો, જે છે મોક્ષ વિચાર. ૪

ધ્યાનની પ્રાપ્તિ કેવા પુરૂષોને થાય તે કહે છે.

મનુષ્ય ભવે ધીર વીર જે, ભેદી ભવ જંજાળ;
લે છે સંયમ ભાર. ૫
કરમ કોષને કાપવા, વળી સમ્યક્ ચારીત્ર;
સમ્યક્ દર્શન જ્ઞાનને, સેવે ચાકખે ચિત્ત. ૬
કારણ મોક્ષ મળવા તણું, સાધન મોક્ષ સહાય,
સમ્યક્ દર્શન આદિક છે, સંયમથી સ્થિર થાય. ૭
તેમાં જ્ઞાન ગર્ભિત છે, પી સુધારસ જ્ઞાન;
જન્મ જરા નીવારવા, છે અવલંબન ધ્યાન. ૮
તરવા ભવસાગર તણું, જ્ઞાને કર્મ વિનાશ;
ધ્યાને સમ્યક્ જ્ઞાન છે, રાખ ધ્યાનની પ્યાસ. ૯
કર્મ વિનસતાં મોક્ષ છે, રાખી ચિત્ત સ્વશાન્ત;
ઇચ્છા મુર્છા પ્રમાદ તજ, ધરો ધ્યાન એકાંત. ૧૦
રાગ દ્વેષ તજી મોહને, તજી દેહ અનુરાગ;
ભોગ વિલાસ ઇચ્છા તજી, ધરે ધ્યાન મહા ભાગ. ૧૧
વિરક્ત થઇ સંસારથી, સંક્ષેપે જો ધાર;
ધ્યાન વર્ણન વિસ્તાર છે, ધ્યાન ત્રણ પ્રકાર. ૧૨
શાસ્ત્ર પ્રમાણે આમ છે,

શુભ યોગ તે પુણ્ય છે, અશુભ યોગ તે પાપ;
શુદ્ધ ઉપયોગ ત્રીજો કહ્યો, મોક્ષ હેતુ એ જાપ. ૧૩
શુભ ધ્યાનથી પુણ્ય ને, અશુભ ધ્યાનથી પાપ;
મટે બંધ શુદ્ધ ધ્યાનથી, મળે મોક્ષની છાપ. ૧૪
આર્ત્ત રૂદ્રનો અંત કરી, ધર જીવ ધરમ ધ્યાન;
શુકલ ધ્યાન સાથે મળે, કેવળ દરશન જ્ઞાન. ૧૫
આરત રૂદ્ર એ ધ્યાનથી, અધોગતિમાં વાસ;
આખર અવસર આતમા, શુભ ધ્યાને સુખ વાસ. ૧૬

છપય છંદ.

ગૃહસ્થપણામાં ધ્યાન, પરિગ્રહમાં પલટાએ,
અન્ય મતિનું ધ્યાન, કુનય થકી હણાએ,
દ્રવ્ય લીંગીનું ધ્યાન, રહે અંતરથી ન્યારૂં,
ભાવ શુદ્ધ મુનીરાય, ધરે ધ્યાન તે પ્યારૂં,
રત્ન ત્રય યુકત જે આતમા, સ્વ સ્વરૂપને ધ્યાય છે,
જેમથી કર્મ કાપી બધાં, અંતે મોક્ષમાં જાયછે. ૧૭

સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારીત્ર એ ત્રી રત્ન પ્રાપ્ત થયા અગાઉ ધ્યાનનો અભાવ છે

માટે ત્રી રત્નનું સંક્ષેપ સ્વરૂપ કહે છે, તેમાં પ્રથમ
સમ્યક્ દર્શન કહે છે. તત્વની રૂચી થવી તે સમ્યક્
દર્શન છે; માટે પ્રથમ નવ તત્વ કહે છે.

છપય છંદ.

નવ તત્વ પરતીત, રૂચી થઇ કે કહો સરધા,
સમ્યક્ દર્શન રત્ન, પામવા ભવિને સ્પરધા,
જાણવા યથારથ તત્વ, સમ્યક્ જ્ઞાન એ બીજું,
વિરક્ત પાપથી થાય, સમ્યક્ ચારીત્ર તે ત્રીજું;
ત્રી રત્ન એવે નામથી, ત્રણે સાથ ગણાય છે,
વર્ણન દરેકનું જુજવું, કરતાં ગ્રંથ ભરાય છે.

ત્રી રત્ન સ્વરૂપ.

સમ્યક્ દર્શન. (નવ તત્વ વિચાર.)

નવ તત્વ અભ્યાસથી થાય વિશ્વનું જ્ઞાન;
હેય જ્ઞેય ઉપાદેય અનુસરે, એજ ખરો વિદ્વાન.

જીવ અજીવ પુન્ય પાપને, આશ્રવ સંવર સોય;
નિર્જરા બંધ મોક્ષ તે, તત્ત્વ પદારથ જોય. ૨
રચના વ્યાપીત વિશ્વની, નવ તત્ત્વમાં ભાગ;
ષટ દ્રવ્ય વિચારો ખંતથી, વળી પંચાસ્તિ કાય. ૩
જીવ અજીવ બે જાણવા, ચૈતન્ય જડ જુદાય;
ભળે નિરખીરની પરે, સંપી રહ્યા સદાય. ૪
પુન્ય સંવરને નિર્જરા, મોક્ષ સહીત જે ચાર;
અનુક્રમે એ આદરી, પામો ભવનો પાર. ૫
આગારી પુન્ય આદરે, એ તો નય વ્યવહાર;
નિશ્ચય તજવા જોગજો, અણગારી આચાર. ૬
પાપ આશ્રવ ને બંધ તે, ત્રણે તજવા જોગ;
તેહ તજ્યા વિણ નહિ કદી, મોક્ષ તણો સંજોગ. ૭

જીવ તત્ત્વ.

ચૈતન્ય લક્ષણ જીવનું, સુખ દુઃખ વેદનહાર;
સહુ ઉપયોગી છે સદા, અસંખ્ય પ્રદેશી ધાર. ૧
હતો જીવતો આજ છે, જીવશે હજુ સદૈવ;
ત્રણે કાળમાં જીવતો, કહેવાયો તે જીવ. ૨

ત્રીલોકમાં તલ સમો, વગ નહિ જીવ વિનાય;
ઠાંસો ઠાંસ ભર્યા પડયા, ત્રસ સ્થાવર બહુ કાય. ૩
ચૈતન્ય લક્ષણથી લહો, એક પ્રકારે જીવ;
બે પ્રકાર પણ આમ છે, સંસારી ને શીવ. ૪
કર્મ રહીત થઇ સિદ્ધ થયા, કરમે આહ્યા જીવ;
સંસારી જનમે મરે, અજર અમર તે શીવ. ૫
સંસારી ગતિ ચારમાં, ફરે અનંતી વાર;
મનુષ્ય તિર્યંચ નારકી, કરમે દેવ કુવાર. ૬
ત્રસ સ્થાવરપણા થકી, પણ બે ભેદ જણાય;
વિવિધ ભેદ વિસ્તાર છે, મુખ્ય ચૌદ ગણાય. ૭
પાંચસે ત્રેસઠ પણ કહ્યા, ભેદ સુત્ર અનુસાર;
તત્ત્વ વરણન વાંચી જુઓ, જયાં છે બહુ વિસ્તાર. ૮

અજીવ તત્ત્વ (ખટ દ્રવ્ય; પંચાસ્તિકાય.)

જીવ પુદ્ગલ ને ધર્મ છે, અધર્મ આકાશ કાળ;
ખટ દ્રવ્યમાંહી એકલો, જીવ ચૈતન્ય નિહાળ. ૧
બાકી પાંચ ચૈતન્ય વિના, અજીવ દ્રવ્ય કહેવાય.
પુદ્ગલ એકલો રૂપી છે, બાકી અરૂપી સહાય. ૨

પ્રદેશાંત્મીક પાંચ છે, કાલ દ્રવ્ય વીનાય;
અનેક પ્રદેશથી બને, પંચ કાય કહેવાય, ૩
કાળજ એક પ્રદેશી છે, તેથી ન કાય ગણાય;
ખટ દ્રવ્ય નિજ નિજરૂપથી, ન્યારાં ન્યારાં સહાય, ૪
પુદ્ગલના બે ભેદ છે, અણુ અને વળી સ્કંધ;
સ્પર્શ વર્ણ રસ ગુણ છે, છે રૂપી છે ગંધ. ૫
સ્કંધ દેશ પ્રદેશ અને, પરમાણું એ ચાર;
ભેદ પુદ્ગલના જાણવા, સંબંધને અનુસાર. ૬
ધર્મ અધર્મ આકાશ એ, ભિન્ન ભિન્ન એક;
અમુર્તિક અક્રિય અને, ત્રણે સ્થિર છે છેક. ૭
ગતિમાં સહાઈ સર્વદા, વ્યાપક લોકાકાશ;
ધર્મ દ્રવ્ય એ જાણીએ, જગ ઉપકારી ખાસ. ૮
સ્થિતિ સહકારી સદા, અધર્મ દ્રવ્ય છે એહ;
વ્યાપી લોકાકાશમાં, થાય સહાઈ તેહ. ૯
ધર્મ પ્રેરણા નવી કરે, જીવ પુદ્ગલને લેશ;
પ્રવૃતી કરતા પ્રાણીને, જળ મચ્છ જેમ ઉદ્દેશ. ૧૦
અધર્મ દ્રવ્ય પ્રેરક નથી, સ્થિતિ કરાવા કાજ;
છાયાએ પંથી રહી, પામે સાતા સાજ. ૧૧

આકાશ અન્ય પાંચને, આપે છે અવકાશ;
સર્વ વ્યાપિ સ્વ આશ્રયી, લોક અલોકાકાશ. ૧૨
એક કાળ બે ભેદથી, નિશ્ચય ને વ્યવહાર;
લોકાકાશ પ્રદેશમાં, સ્થિત નિશ્ચય કાળ. ૧૩
જ્યોતિષી આદિ દેવતા, ગમનાદિ અનુસાર;
સમયાદી જે ભેદ છે, તેજ કાળ વ્યવહાર. ૧૪
સમસ્ત પદારથ વિશ્વના, નવા પુરાતન થાય;
પરિણમન સહુ દ્રવ્યનું, વર્તન કાળ સહાય ૧૫
કાળ વર્તનાથીજ સહુ, પલટે રૂપ પદાર્થ;
સમય સમય સ્થિતિ ફરે, અચળ નિયમ યથાર્થ. ૧૬
વર્તમાન ભળે ભૂતમાં, ભવિષ્ય તેને ઠાર;
દ્રવ્ય અવસ્થા પાલટે, અચળ નિયમ અનુસાર. ૧૭
જીવ પુદ્ગલનું રૂપ તે, પલટ્યું રહે સદાય;
તે કારણ તે બેયને, કહ્યા વ્યંજન પર્યાય. ૧૮
બાકી દ્રવ્યો ચાર તે, નિજ રૂપેજ સદાય;
હાની વૃદ્ધિ ન તેહને, તેથી અર્થ પર્યાય. ૧૯
ધર્મ અધર્મ બે દ્રવ્યને, અસંખ્યાતા પ્રદેશ;
કાળ પ્રદેશ અણુ માત્ર છે, નભ અનંત વિશેષ. ૨૦

પુદ્ગલ એક પ્રદેશથી, સંખ્યાત અસંખ્યાત;
અનંત પ્રદેશી પણ કહ્યો, જુજવા સ્કંધની જાત. ૨૧

પુણ્ય તત્વ.

અન પાણી આદિ નવ વિધે, ત્રિવિધ પુણ્ય બંધાય;
સાતા વેદનીય આદિથી, ફળ સુખ રૂપ પમાય. ૧
બેતાલીસ પ્રકાર છે, સાતા આદિ જેહ;
નવતત્વ આદિ ગ્રંથથી, સમજાશે સહુ તેહ. ૨
શુભ આશ્રવ શુભ પુણ્ય છે, શુભ સંચય કરનાર;
શુભ આશ્રવ સંચય થતાં, મુકિત ફળ દાતાર. ૩

પાપ તત્વ.

પાપ સ્થાન અઢારથી, બાંધે છે, જીવ પાપ
બ્યાસી પ્રકારે ભોગવે, નર્ક તિર્યંચ ગતિ છાપ. ૧
જ્ઞાનાવરણીય આદિથી, સંસ્થાન પર્યંત;
વિસ્તાર બહુ નવતત્વમાં, વાંચો રાખી ખંત. ૨

અશુભ આશ્રવ તે પાપ છે, કર્મ બંધ કરનાર;
અશુભ તજી શુભ આદરો, શુભ ગતિ ફળ દાતાર. ૩

આશ્રવ સંવર, નિર્જરા તત્ત્વ.

આશ્રવ સંવર નિર્જરા, બાર ભાવના માંય;
છે વર્ણન વિસ્તારથી, વાંચી વિચારો ત્યાંય.

બંધ તત્ત્વ.

મિથ્યાત્વ જોગ અવિરતી, કષાય ચાર પ્રમાદ;
કર્મ બંધના હેતુઓ, તજવા રાખી યાદ.

છપય છંદ.

જઘન્ય મધ્ય ઉત્કૃષ્ટ, સ્થિતિ વધતી કે ઘટતી,
ભોગવે કર્મ ત્રીકાળ, સ્થિતિ બંધ એ પદ્ધતિ.
કર્મ ફળ ઉદય થાય, અનુભાગ બંધ જાણો;
હવે કહું વ્યાખ્યાય, પ્રદેશજ બંધ પ્રમાણો.
નીર ખીર તલ તેલ સમ, પ્રદેશ જીવને કર્મનો;
રહે મળી એક રૂપ થઇ, જે છે બુજવા ધર્મના. ૨

શ્રી મોક્ષ સ્વરૂપ.

સંબંધ નહિ જ્યાં સર્વથા, કર્મ કાર્ય લવલેશ;
પ્રતિપક્ષી સંસારનો, અવિચળ મોક્ષ પ્રદેશ. ૧
દર્શન વિર્યાદિ ગુણનિધી, ચીદાનંદ અરૂપ;
અત્યંત અવસ્થા એહ છે, સાક્ષાત શિવ રૂપ. ૨
અનોપમ અવિનાશી સદા, જ્યાં સ્વભાવિક સુખ;
ઈંદ્રિય વિષય વર્જિત છે, નહિ તૃષા નહિ ભૂખ. ૩
નિર્મળ શાંત કૃતાર્થતા, સમ્યક્ જ્ઞાન સ્વરૂપ;
અરૂપી અવિનાશી સદા; સુધા સિદ્ધ સ્વરૂપ. ૪

ઉપસંહાર.

બીજક આ નવ તત્વનાં, કહ્યાં વગર વિસ્તાર;
સમ્યક્ દર્શન જ્ઞાનના, સંબોધન હીતકાર. ૧

છપય છંદ.

તત્વ વરણુન વિસ્તાર, અન્ય ગ્રંથોમાં જડશે,
મળતાં સમ્યક્ જ્ઞાન, મિથ્યાત્વ મૂળથી ટળશે;

હેય જ્ઞેય ઉપાદેય, જાણી સંયમ ચિત્ત ચડશે,
થતાં ત્યાગ વૈરાગ્ય, રત્ન ત્રીજું સાંપડશે;
સમ્યક્ દર્શન જ્ઞાન સહ, ચારીત્ર જો ચોકખું પળે,
શુદ્ધ યોગ શુદ્ધ ધ્યાનથી, મોક્ષ મંદીરમાં જઇ મળે. ૨

સમ્યક્ દર્શનનું મહાત્મ્ય.

દ્રવ્ય તત્ત્વ પદાર્થને; વળી પંચાસ્તિ કાય;
પ્રતિત થઇ જે પુરૂષને, મોક્ષ નજીક કહેવાય.
દ્રવ્ય પદારથ કાયની, સરધા રૂચી પ્રતીત;
સમ્યક્ દર્શન એજ છે, ધારો ચિત્ત ખચીત.
સમ્યક્ દર્શન રત્ન તે, આભુષણ અનુપ;
માર્ગ સુચવે મોક્ષનો, શોધન આત્મ સ્વરૂપ. ૩

કવિત-મનહર.

સમ્યક દર્શન સદા, જ્ઞાન ચારીત્રનું બીજ;
અથવા કારણ લહો, યમને[1] પ્રશમનું[2].

---

૧ મહાવ્રતાદિ, ૨ વિશુદ્ધ ભાવ,

આશ્રય[1] તપ સ્વાધ્યાય, શમ દમ બોધ વૃત્ત;
સફળ કર્યાનું કામ, સમ્યક્ દર્શનનું.
તોય એ સર્વ તોય, એકલું એ ઉપયોગી;
એ વિના મિથ્યાત્વ કઇ, ભોગવે અજ્ઞાનનું.
સમ્યક્ દર્શન સાથે, થોડાં ચારિત્રાદિ હોય;
તોય ફળ આપે અતી, ઔષધ સમાનનું. ૪

દોહરા.

મોક્ષ માર્ગનું મુખ્ય તો, સમ્યક્ દર્શન અંગ;
સદા ભાગ્ય તે માનવી, રાચ્યો તત્ત્વ પ્રસંગ. ૫
અતીચાર વીણ નિર્મળું, સમ્યક્ દર્શન હોય;
પુણ્યાત્મા સદા ભાગ્ય એ, મોક્ષ સીડીએ સ્હોય. ૬

કવિત-મનહર.

અમૃત કહો કે કહો, અતુલ્ય સુખ નિધાન,
સમસ્ત કલ્યાણ બીજ, ભવાર્ણવ નાવ છે.

---

૧ મદદગાર.

પાપ રૂપી વૃક્ષને તો, કાપવાનો કુહાડો છે,
પવિત્ર તીરથ માંહી, પ્રધાન પ્રભાવ છે.
મિથ્યાત્વ રૂપી શત્રુને, જીતનાર શુભટ છે,
શરણાગતની સાર, લેવાનો સ્વભાવ છે.
માટે ભવ્ય શોધો સાધ્ય, સમ્યક્ દર્શન તણી,
મનુષ્ય જનમ માંહી, લેવાનો જે લાવ છે. ૭

દોહરો.

સમ્યક્ દર્શન સમજવા, થયો ચિત્ત વિચાર;
પુષ્પચંદ આધાર આ, જ્ઞાનાર્ણવ અનુસાર. ૮

સમ્યક્ જ્ઞાન વર્ણન.

સ્થિતિ લોકાલોકની, જાણે સિદ્ધ સમાન;
સર્વજ્ઞ છે આ આતમા, નિશ્ચય નયથી જાણ. ૧
કર્મ પ્રતિબંધથી થયા, ભેદ અનુક્રમ વાર;
મતિ શ્રુત અવધિ અને, મનઃ પર્યવ એ ચાર. ૨
કેવળ જ્ઞાન એ પાંચમું, જે છે નિરાવર્ણ;
મહા યોગિ એ મેળવે, રાખી આતમ શર્ણ.

કવિત-મનહર.

અનંતાનંત પ્રદેશી, આકાશ દ્રવ્યની માંહે;
અસંખ્યાત પરદેશીને, લોકાકાશ કહ્યો છે.
તે માંહે જીવ પુદ્ગલ, ધર્માધર્મ અને કાલ;
એ અનંત દ્રવ્યે ભર્યો, ત્રણે કાળ રહ્યો છે.
ત્રીકાળ અનંતાનંત, ભિન્ન ભિન્ન પર્યાય તે;
સર્વ એકી સમયમાં, જાણપણે લહ્યો છે.
એવો પુર્ણ જ્ઞાનવાન, સ્વભાવિક આત્મા નિશ્ચયે;
તોય ભેદ ભાવ નિજ, કર્મ થકી ગ્રહ્યો છે. ૪

દોહરો.

ઉત્પાદ વ્યય ધૃવ ભાવ મય, જગના જેહ પદાર્થ;
ભાસે એક સમયે સહુ, એ છે જ્ઞાન યથાર્થ. ૫

ચારીત્ર.

શ્રાવકનો અણુવ્રતાદિ આગાર ધર્મ અને સાધુનો સહાવૃતાદિ અણગાર ધર્મ છે પણ તે બંનેનો સમા-

વશ ચારીત્રમાં થતો હોવાથી બંને ધર્મનું ચારીત્ર સાથે વર્ણન કરવામાં આવે છે.

સમ્યક્ ચારીત્ર પ્રભાવથી, ચિત્ત વરતે સમ ભાવ;
ધીર વીર ને સ્થિર થઇ, લહે જ્ઞાનનો લાવ. ૧
સર્વ પાપથી સર્વથા, નિવૃતિનું સ્થાન;
જીવન જોગીશ્વર તણું, વિશુદ્ધિ નિધાન. ૨
સામાયિક આદિ લઇ, યથાખ્યાત પર્યંત;
ચારીત્ર પંચ વિધિએ કહ્યાં, ધારો રાખી ખંત. ૩
પાંચ મહાવૃત સમિતિ, ત્રી ગુપ્તી લઇ સાથ;
ચારીત્ર તેર પ્રકારથી, વર્ણવ્યાં શ્રી જગનાથ.
ભવ ભ્રમણ ભયભીતને, તરવાનો આધાર;
વીર પ્રભુજીએ વર્ણવ્યાં, ચારીત્ર તેર પ્રકાર.
હિંસા, અસત્ય, અદત્ત ને, મૈથુન પરીગ્રહ ત્યાગ;
એ મહાવૃત અણગારનાં, પાળે મુનિ મહાભાગ્ય. ૬
મહાવૃત ભાર વહેવો કઠીન, સુરવીરનું કામ;
શ્રાવક અણુવૃત આદરે, જો પહોંચે નહિ હામ.

બાર વૃત આપય દોહરા.

ત્રસ સ્થાવર સહુ જીવની, મનમાં મેર સદૈવ;
સ્થાવર વરજી શ્રાવકો, હણે ન જાણી જીવ. ૧
કન્યા ગો ભૂમિ સાખ કે, જમા લેણુ ને દેણુ;
વૃત બીજે શ્રાવક કહી, વદે ન જુઠું વેણુ. ૨
ખાતર વાટ પાડે નહિ, જડયો જણાવે માલ;
વરતન વૃત ત્રીજા તણું, તજે તસ્કરી ખ્યાલ. ૩
સંતોષ સ્વદારા ભણી, અવર ભગની માય;
ચોથું વૃત શુદ્ધ શ્રાવકો, પાળે અખંડીત કાય. ૪
ધન ધાન્ય ગૃહ ઢોરને, કરે પરિગ્રહ માન;
વૃત પાંચમે શ્રાવકો, રોધે ઇચ્છા જાણ. ૫
અધો ઉર્ધ ત્રિછી દિશા, કર્યું માન આ કાય;
વૃત છઠે શ્રાવક નહિ, લોપે સહુ ઇચ્છાય. ૬
ઉપભોગ પરિભોગનું, કરે દિન પ્રતિ માન;
સાતમા વૃતથી પંદરે, તજાય કરમાદાન. ૭
અપધ્યાય પ્રમાદને, હિંસક શસ્ત્રનો સાજ;
આઠમે ઉપદેશે નહિ, કર્મ બંધનાં કાજ. ૮

...પાર સુરત કે અધિક, રોકી આશ્રવ દ્વાર;
સમતા રસ નિત સેવતા, વૃત નવમે નીરધાર. ૯

ઉપભોગ પરિભોગ દ્રવ, સાથે દિશા માન;
અમૂક વખતનું આદરે, દશમું વૃત ગુણવાન. ૧૦

ચૌવિધ અહાર તજી કરે, પાપ સ્થાન પચખાણ;
અમુક પહોરનું એહ છે, એકાદશ વૃત ધ્યાન. ૧૧

અન પાણી વસ્ત્ર ઔષધિ, અન્ય સંયમનો સાજ;
બારમે વૃત્ત નિર્દોષ દૈ, વાંદે મુનિ મહારાજ. ૧૨

આયુ સ્થિતિના અંતમાં, આળવી થાય નિર્દોષ;
શ્રાવક રોકી આવતા, ચિત્ત વરતે સંતોષ. ૧૩

બાર વૃત સલેખના, જ્ઞાનાદિ અતિચાર;
પુષ્પચંદ આલોવતાં, શુદ્ધ રહે આચાર. ૧૪

અહિંસા વૃત.

અહિંસા વૃત આરાધતાં, બાકી ચાર સહેલ;
ચુકે ચિત્ત લગારતો, બાકીનાં મુશ્કેલ. ૧

મન વચન કાયા થકી, ત્રસ સ્થાવર જે જીવ;
સ્વપને ઘાત ન સંભવે, તો પામે સુખ શીવ. ૨

જેટલી આશા આપને, મળવા અભય દાન;
સરવ જીવને તેટલો, આપો દૃઢ સમાન. ૩
હું અવર તજી આંતરો, સમ ભાવે વરતાય;
પાપ સ્થાન પરાં થતાં, પહેલું વ્રત પળાય. ૪
જીવન વહાલું જીવને, મરણે કંપિત હોય;
નિજ અનુભવથી અનુભવી, જીવ ન હણશો કોય. ૫
કરી કલ્પના ઘાતની, રહ્યો જીવતો હોય;
ઘાત કર્યા સમ પાપ તો, ભોગવવાનું તોય. ૬
કરવી કે અનુમોદવી, અવર જીવની ઘાત;
ઘાત એ નિજ આતમ તણી, એ છે નિશ્ચય વાત. ૭
આત્મવત સૌ જીવશું, વરતે મન વચ કાય;
નમસ્કાર ત્રીકાળ હો, પરમાત્મા ગુણદાય. ૮
હિંસા ત્યાં ધર્મ ન સંભવે, ધર્મ અહિંસા એક;
ધર્મ[1] નિમિત્ત હિંસા કરે, મોહ અંધ છે છેક. ૯
અહિંસા ધર્મ છે આતમનો, જ્યાં હિંસા ત્યાં પાપ;
ધર્મ નિમિત્ત હિંસા કરી, લેવી નર્કની છાપ. ૧૦

૧ યજ્ઞ બલીદાન વીગેરેમાં થતો પશુ વધ.

ધર્મ અંગ સમસ્તમાં, અહિંસા એક પ્રધાન;
તપ જપ વૃત વિણ એકલી, આપે પરમ કલ્યાણ. ૧૧
સાલી મત્સ સંકલ્પથી, ગયો નર્ક ગતિ જોય;
કરતા ને અનુમોદતા, સરખા પાપી હોય. ૧૨
સાર લગારક લાગતાં, જે કંપે નિજ કાય;
પર પ્રાણ શસ્ત્રે હણે, એ અજ્ઞાન દશાય. ૧૩
ભયભિત સંસારી જીવને, અહિંસા અમૃત રૂપ;
સમરથ ભાતું સ્વર્ગનું, આપે સુખ અનુપ. ૧૪
ત્રસ સ્થાવર સહુ જીવને, આપે અભયદાન;
વિવેકી કરૂણાળુ સદા, સકળ ગુણ નિધાન. ૧૫
ત્રસ સ્થાવર સહુ જીવને, ગણવા નિજ સમાન;
પરમ મિત્ર સમજી સદા, દેવું અભયદાન. ૧૬
રાક્ષસ મનુષ્ય જનમ મહીં, પીડે પરના પ્રાણ;
અહિત કરે નિજ આત્મનું, તે મોહાંધ અજાણ. ૧૭
હિંસા નિષેધી સર્વથા, જીન આગમમાં જોય;
અન મતિ અહિંસા વદે, પોષે હિંસા તોય. ૧૮
કિંચિત પીડાથી લઇ, પ્રાણ હરણ પર્યંત;
હિંસા મન વર્તન સમી, સુક્ષ્મ થકી અત્યંત. ૧૯

પંચ વિષયને પોષવા, કે કરવા વેપાર;
ગમત ખાતર પણ ઘણા, હિંસાના હથિયાર. ૨૦
નિશ્ચય નયથી તો કહી, રાગાદીક હિંસાય;
વ્યવહારે પર ઘાત તજ, ભવી ભજ અહિંસાય. ૨૧
અહિંસા વૃત પુરણપણે, અણગારી આચાર;
શ્રાવક પણ હિંસા તજે, છતાં કંઇ આગાર. ૨૨
ત્રસ સ્થાવર સહુ જીવની મનમાં મહેર સદૈવ;
સ્થાવર વરજી શ્રાવકો, હણે ન જાણી જીવ. ૨૩
મન વચન કાયા થકી, પરના પ્રાણ દુભાય;
પુષ્પચંદ હિંસા કહી, જીન આગમની માંય. ૨૪

બીજાં સત્યવૃત.

વચનરૂપ વન ગહન છે, સત્ય વૃક્ષે શોભિત;
અતિ યત્ને ઉછેરીએ, સીંચી દયા જળ નિત્ય. ૧
વૃત અહિંસ્યા વૃક્ષની, વાડ બાંકી વૃત ચાર;
સત્ય વાડ સડતાં ઘટે, સર્વ સબળ આધાર. ૨

અસત્ય છે તે સત્ય જ્યાં, હિત જીવનું જાણ;
સત્ય છતાં અસત્ય જો, પર અહિત પીછાણ. ૩
અનાદિ આત્મ કલેશને, યમ નિયમે હણુનાર;
મુનિ સત્ય રૂપ નાવથી, તરે ભવ દધી પાર. ૪
સત્ય કરૂણામય સરલ, અવિરૂદ્ધ ગંભીર;
વચન વદો વિવેકથી, તરવા ભવ દધિ તીર. ૫
અબોલ અવલંબન ભલું, સર્વ સિદ્ધિ દાતાર;
છતાં બોલ તો બોલજે, પ્યારૂં સત્ય હિતકાર. ૬
સત્ય સનાતન ધ્રૂવ છે, કેવળી ભાષિત ધર્મ;
અસત્યથી ઉલટાઇને, ઉભરાયા અધર્મ. ૭
કંઇક નીચ સ્વારથી થઇ, વિષય પોષવા કાજ;
અસત્ય વચન વિલાસથી, થઇ બેઠા ગુરૂરાજ. ૮
અસત્ય આંદોલન સમુહથી, વ્યાપ્યો અજ્ઞ અંધકાર;
શાસ્ત્ર શસ્ત્ર સમાં રચી, કર્યો અસાર સંસાર. ૯
દુષ્ટ પુરૂષના મુખની, અસત્ય વાણી જોય;
જેવી કાળી નાગણી, દુઃખરૂપ જગને હોય. ૧૦
પૂછે તોપણ નવિ વદો, સંદેહી પાપી વાચ;
દ્વેષ દોષ સંયુક્ત પણ, સુણવાને નહિ રાચ. ૧૧

સત્યકાર માર્મિક અધીર; વિરોધી દયા રહીત;
પ્રાણ જતાં પણ નહિ કદી, વદો વચન વિપરીત. ૧૨.
દયા સિંધુ હૃદયમાં, વચન લહેર કલ્લોલ;
શાન્તિ આપે સરવને, ધન્ય સત પુરૂષ બોલ. ૧૩
ધર્મ નાશ વિપરીત ક્રીયા, લોપ શાસ્ત્રનો થાય,
સરલપણે સમજાવવા, પૂછ્યા વીણ વદાય. ૧૪
તત્ત્વ દ્રવ્ય ને કાયની, હોય શ્રદ્ધા વિપરીત;
એ મિથ્યાત્વ મહા મોટકું, સત્ય ન ચોંટે ચિત્ત. ૧૫
સત્ય સરધાથી ઉચર્યો, ઉલટાયું કંઇ રૂપ;
તો તે સત્યજ સમજવું, અસત્ય એજ સ્વરૂપ. ૧૬
કર્મ બંધ અતિ આકરા, અસત્યથી બંધાય;
નર્ક નીગોદ તિર્યંચનાં, અત્યંત દુઃખ પમાય. ૧૭
ચંદ્ર ચંદન ચંદ્રામણી, પુષ્પ મુક્તાફળ હાર;
એથી અધીક શીતળ કહો, વચન દિલાસા દાર. ૧૮
અગ્નિ જવાળાથી અધિક, દુર્વચન દુઃખકાર;
ખટ રસ ભોજનથી ભલા, વચન દિલાસાદાર. ૧૯
મન પ્રસન્ન સત્ય પ્રિયકર, લલીત વચન ભંડાર;
તેહ છતાં શઠ તો વદે, કઠોર મૂખ ઉચ્ચાર. ૨૦

तत्वज्ञ सत्य शील सह, जे महा पुरुष कोय;
चर्ण स्पर्श भूतळ थतां, पृथ्वी पावन होय. २१
सत्य प्रतिज्ञा रहीत जे, अधम पापी नीच;
मनुष्यपणुं खोइ खुतशे, संसार कादव कीच. २२
रुझाय घाव तरवारनो, बंदुक बरछी कोय;
निर्दय नरना वचननो रुझयो घाव नव जोय. २३
धिक्कार पापी विश्वमां, हरे प्राणीना प्राण;
अहित थाय निज आत्मनुं, एथी रह्यो अजाण. २४
असत्य वचन संसारमां, सारे शस्त्रनु काम;
विविध प्रकारे विस्तरी, हिंस्या ठामे ठाम. २५
वितरागे आ विश्वमां; सींची सत्य रूपी नीर;
अहिंस्या असर करी, दयानिधि महा धीर. २६
मन वचन काया तणा, अशुभ वरते जोग;
वरतन विरुद्ध बतावबुं, एज असत्य संजोग. २७
शुभ जोगथी राखीए, कहेणी रहेणी एक;
सनातन मारग सत्यनो, सजीए सह विवेक. २८
भुषण विद्या विनयनुं, यम नियमनु स्थान;
सम्यक् दर्शन सत्य ए, सत्यज सम्यक् ज्ञान. २९

દુષ્ટ દૈત્ય સિંહ સાપ કે, દેવી દેવતા હોય;
સત્ય પ્રતિજ્ઞાવંતને, લોપી ન શકે કોય. ૩૦
ચંદ્રપ્રભા સમ ઉજળો, જશ વાધે જગપુર;
દેવાદિક સ્તુતિ કરે, સત્યવાદિ હજુર. ૩૧
અકુલીન રોગી દીનને, ઇંદ્રિયો હોય અપૂર્ણ;
છતાં સત્ય ભૂષણ ધરે, શોભે છે સંપૂર્ણ. ૩૨
તપસ્વી કે જોગી જતી, નગ્ન વસ્ત્રધર હોય;
અસત્ય ગયું ન ઉરથી, ચંડાળ સમ છે સોય. ૩૩
ધન કુટુંબ જીવન વધે, અસત્ય ઉચરવા કાજ;
ધન્ય પુરૂષ સત્યવાદી તે, ઇચ્છે ન એહ અકાજ. ૩૪
સકળ પાપ એક છાબડે, અસત્ય બીજી સેર;
છે સરખાં બે વજનમાં, અસત્ય કરાર કેર. ૩૫
મને છળ ભેદે છેતરે, ન ધરૂં તેનો રોષ;
હાય હણે નિજ આત્મને, એજ અતિ અપશોષ. ૩૬
અસત્ય આચાર વિચારમાં, ઉછરે આજે લોક;
પ્રસંગ પડયો કેમ છોડવો, એજ અધિક છે શોક. ૩૭
સ્વરૂપ સમજ્યો સત્યનું, બોલી ન લખી શકાય;
મુંગો શુભ સ્વપ્ના થકી, મનમાં મગન જણાય. ૩૮

નિંદ્ય છતાં ખર શ્વાનને, પાળે બહુ જન ઘેર;
અસત્ય વચન વદનારને, દેખી ઉપજે ઝેર. ૩૯
સત્ય ન સંતાડયું રહે, ચોકાર્યે ન પમાય;
સુરજ ઉગ્યો છાબડે, ઢાંક્યો કેમ ઢંકાય. ૪૦
સુકૃત સઘળાં સેવીને, મેળવ્યો જશ જગમાંય;
એકજ અસત્ય ઉચ્ચારથી, સુજશ સકળ હણાય. ૪૧
પરિચય જુઠા પુરૂષનો, કરતાં છે મહા પાપ;
સ્વપ્ને સંગ ન સંતને, રહેવા આપનું આપ. ૪૨
કર્યો નિષેધ અસત્યનો, શ્રી દેવાધિ દેવ;
અનુસર્યા કંઇ મહામતિ, કરે સત્યની સેવ. ૪૩
કરે સત્યની સેવના, સર્વ વ્રત સચવાય;
આશ્રય એક બીજા તણો, ગર્ભિત રહ્યો સદાય. ૪૪
નાસ્તિક ઉલટું આચરી, મેલી સત્યને દુર;
અસત્યનો આદર કરી, ભરે પેટ ભરપુર. ૪૫
પુત્ર સ્વજન સ્ત્રી મીત્ર કે, નીજની સરે અગત્ય;
તોપણ જીવ જતાં નહિ, વદવું વચન અસત્ય. ૪૬
સત્ય વચન સંસારમાં, કરે સકળ કલ્યાણ;
પળાય પુરણ મુનિપણે, પમાય પદ નિર્વાણ. ૪૭

સત્ય વૃત સંપુરણપણે, અણગારી આચાર;
પુષ્પચંદ શ્રાવકપણે, છે સુક્ષમ આગાર. ૪૮
કન્યા ગો ભૂમિ સાહિદી, થાપણ લેણુ ને દેણુ;
પુષ્પચંદ શ્રાવક કદી, વદે ન જુઠું વેણ. ૪૯

ત્રીજું અસ્તેય વૃત.

વિતરાગીપણા વિના, સહુ જગતના ચોર;
પર દ્રવ્ય પ્રીતેથી હરે, જેવું કર્મનું જોર. ૧
મુનિ ગુણ ભુષણ રૂપ જે, વૃત અસ્તેય સહાય;
મોક્ષ મારગે સ્થિર થવા, આદર મન વચ કાય. ૨
ઇચ્છા અદત્ત વસ્તુ તણી, કરવી ન મન વચ કાય;
ભવ દધી તરવા નાવ તે, વૃત અદત્ત ગણાય. ૩
બાહ્ય પ્રાણ છે જીવનાં, ધનાદિ પરિગ્રહ કોય;
હરણ કર્યે હણાય છે, પ્રાણ જીવનાં જોય. ૪
ચોરી હિંસ્યા મય કહી, અસત્ય ચોરી સાથ;
પાપ અઢાર પોષાય છે, અદત્ત ધરતાં હાથ. ૫

વિદ્યા વિપરીત ચોરને, કીરતી બદલ કલંક;
સ્વ પર જન નિંદા કરે, હોય રાય કે રંક. ૬
મરજી વિરૂદ્ધ કઢાવીને, પર વસ્તુ ધરવી હાથ;
એને પણ ચોરી કહી, આપે હાથો હાથ. ૭
કૂડ કપટને કેળવી, કરવો ઢ૦ગ જમાવ;
ખાતર ખોદી પણ ઘણા, એથે ચોરી દાવ. ૮
લૂંટે છે ધન માલને, સ્થળવટ જળવટ ઠેઠ;
ધનની સાથે તન હરે, બની ફાંસીઆ શેઠ. ૯
કસબ ચોર કસબી બધા, જેવા ધંધો હોય;
હાકેમ થઇ ધનને હરે, લાંચ લહે છે કોય. ૧૦
લૂંટે બેશી બજારમાં, બોલી મીઠા બોલ;
સગા સહિતને છેતરે, તોડી કરેલા કોલ. ૧૧
વાસ્તવિક વ્યવહારથી, વરતાએ વિપરીત;
અધિક લહી ઓછું દીએ, એ પણ ચોર ખચિત. ૧૨
પિતા માત કુટુંબીઓ, હેતુ મિત્રાદી કોય;
તસ્કરના સબંધમાં, આવ્યે રાજી ન હોય. ૧૩
ઘર વન કે સમાજમાં, ચોર સદા ભયભીત;
પકડાયાની બીકથી, રાખે ચંચળ ચીત. ૧૪

પકડાતાં પીડા ઘણી, પડશે પ્રૌઢ પ્રહાર;
અધિક જાવું જીવથી, નિશદિન એજ વિચાર. ૧
પ્રથમ શિક્ષણ ચોરનું, ચોરે ઘરનું વિત્ત;
માત પિતા મન મારીને, રહે સદા ભયભીત. ૧
ઘર મારી પોતા તણું, પછી પડે છે બહાર;
વ્યસન સાતને સેવતા, મળી સાથી બેચાર. ૧૭
ચિંતાતુર ચિત્તમાં સદા, સુખે ન નિદ્રા આહાર;
વાત ચિતમાં વિકળતા, નહિ ચોખો વ્યવહાર. ૧૮
સહાય આપવી ચોરને, કે સંઘરવો માલ;
તોપણ ચોકખી ચોરીની, આવે માથે આળ. ૧૯
કર્યાં કર્મ કદી આ ભવે, સંચીત માંહી સમાય;
પ્રારબ્ધમાં તે પાલટી, ઉદય અહીંજ જણાય. ૨૦
ધાડું પાડી મારીને, લુંટે ધન ઘરબાર;
પહોંચે વાર તો જીવનો, જોખમ થતાં શી વાર. ૨૧
કુટુંબ કબીલો ચોરનો, તે પણ ચિંતાતુર;
ક્યારે જોઇશું જીવતો, એમ રહે આતુર. ૨૨
ભય ભ્રમિત ચિત્ત ચોરનું, ખેલે ચોરી દાવ;
પછી ભય પકડાયા તણો, નહિ સુખનો લાવ. ૨૩

તસ્કર દેખી તરતમાં, તન મન શિથિલ થાય;
વ્યાકુળતા વ્યાપે અતિ, થર થર કંપે કાય. ૨૪
વિણ ધણીઆતું કોય;
દાટેલું કે પડયું ખડયું, ત્યાગી ન રાગી હોય. ૨૫
દેખી મન વચ કાયથી, મોટા છોટા થાય;
ચોર પુરૂષના પ્રસંગથી, નિંદા યુક્ત ગણાય. ૨૬
મહા મુનિ પણ પલકમાં, પર ભવ નર્ક નિવાસ;
આ લોકે દુઃખ અતિ ઘણું, કર કહેવત અભ્યાસ. ૨૭
ચડે ન શીંકે ચોરનું, પર ધન બેય પ્રકાર;
અચેતન ચેતન ભેદથી, મુનિ ન કરે સ્વીકાર. ૨૮
મન વચન કાયા થકી, અન્ય સંયમનો સાજ;
અન્ન વસ્ત્ર ને ઓષધી, ખપતું લે મુનિરાજ. ૨૯
ઉલટથી આપે કોય તો, જ્યારે જરૂર જણાય;
શીવાય તૃણ કે રજ તણી, લેવું ખપે સદાય. ૩૦
આજ્ઞા માગી અન્યની, નહિ આગાર લગાર;
એ નિયમ અણગારનો, ચુકે ચિત્ત લગાર. ૩૧
અણગારપણું અળગું જશે, છે સુક્ષ્મ આગાર;
શ્રાવકના અણુંવૃત્ત મહીં, લાગે છે અતીચાર. ૩૨
લેતાં છુટ વિશેષ તો,

જડયો ન સંઘરે માલ;
ખાતર વાટ પાડે નહિ, તજે ચોરી કુચાલ. ૩૩
વ્રત ત્રીજાથી શ્રાવકો, વરતે ન રાજ વિરૂદ્ધ;
કુડાં ન રાખે કાટલાં, જણાય શ્રાવક શુદ્ધ. ૩૪
પુષ્પચંદ એ વરતને,

ચોથું બ્રહ્મચર્ય વૃત.

વૃત વડાં એક એકથી, અન્યોઅન્ય આધાર;
એક સર્વાંગે સેવતાં, પળશે બાકી ચાર. ૧
પંચ મહાવૃતમાં વડું, શિયલ વૃત શીરદાર;
બ્રહ્મચર્ય શુદ્ધ સેવતાં, બાકી સહેલાં ચાર. ૨
બ્રહ્મચર્યને ભાંગતાં, ભાંગે સાથે ચાર;
વૃત, જપ, તપ સહુ શુભ ક્રીયા, બ્રહ્મચર્ય આધાર. ૩
જામે જશ આ જગતમાં, અંત અચળ વિશ્રામ;
સુર નર વર સેવા કરે, જેણે જીત્યો કામ. ૪
અનંગ પનંગ નવી આભડે, ચેતો ચિત્ત જરૂર;
બ્રહ્મચારીના ભાગ્યમાં, સુખ સદા ભરપૂર. ૫
દાનવ માનવ અસુર કે, વિષધર પ્રાણી કોય;
બ્રહ્મચારીને ભય નહિ, કરવા સમરથ હોય. ૬

તેજ પુંજ તન પેખીએ, બ્રહ્મચારી ભગવાન;
દરસનથી પરસન થતાં, થાય કોટી કલ્યાણ. ૭
ધીર વીર ધારણ કરે, નહિ કાયરનું કામ;
મહાવૃત છે મોટકું, બ્રહ્મચર્ય સુખ ધામ. ૮
એ અવલંબનથી થશે, પરિબ્રહ્મ પીછાન;
યોગી ગણ એના વડે, ધ્યાવે અંતર ધ્યાન. ૯
બ્રહ્મચર્ય વૃત નિરમળું, પાળે વીણ અતિચાર;
મહા પુજ્ય તે યોગી ગણ, ત્રીલોકના સીરદાર. ૧૦
બ્રહ્મચર્ય કલ્પ વૃક્ષને, સીંચો સમતા નીર;
બહુ જતને કરી જાળવો, ધરી વાડ નવ ધીર. ૧૧
કીંપાક ફળની ઉપમા, મૈથુન સંજ્ઞા માન;
કિંચિત સુખ દેખાડીને, હરે અંત બે જાન. ૧૨
ઇંદ્રિય વશ દીન વિર્ય હિણ, શકે ન પાળી શીળ;
સમર્થ શક્તિવાન જે, તે પાળે શુદ્ધ દીલ. ૧૩

(કામના પ્રકોપથી થતા દોષો.)

કામ પ્રકોપ પ્રગટ થતાં, ઉપજે જવાળા અંગ;
મુશળધાર પડે મેઘ પણ, સમે ન અંસ અનંગ. ૧૪

પીડાય પ્રાણી જેહ;
પ્રજ્વલીત કામાગ્નિ થકી, સમે ન અગ્નિ તેહ. ૧૫
હુબાડો સાગર જળે, મુરછાયા જગ જીવ;
અનંગ પનગ વિષ વ્યાપતાં, શીઘ્ર શરણ ગૃહી શીવ. ૧૬
જાણી પરમ ચોગી થયા, જીતે જગમાં કામ;
અનંગ છતાં અંગવાનને, જીતે રાખી હામ. ૧૭
છતાં અડગ ચોગીશ્વરો, દહન થાય છે દેહ;
કામાગ્નિ પ્રજ્વલીત થતાં, નદી દરીઆ કે મેહ. ૧૮
સમાવવા સમરથ નથી; પહોંચે બુદ્ધિ પાસ;
પ્રથમ પ્રગટ થઇ હૃદયમાં, કરે અંત વિનાશ. ૧૯
અંગો અંગ દહન કરી, ત્રીદોષ પણ વરતાય;
કામજવર કોપી કામીને, નરકે દોરી જાય. ૨૦
દેહથી જીવ જુદો કરી, વિણસે સઘળી કાય;
ઉપદંશ પ્રમેહાદીકથી, અહીંજ નર્ક જણાય. ૨૧
કામી જનને ક્રમ થકી, કામની ચેષ્ટા દોષ;
દોષ કામ પ્રકોપના, દોષ તણો અતી જોશ. ૨૨
મૈથુન કૃત સંસર્ગ જન્ય, વિના વાદળે વજ્ર;
સૂર્ય જેઠ મધ્યાનનો, દહે કામીનુ તન્ન. ૨૩
કામાગ્નિ એથી અધીક,

જ્યુ છે અમીય કીરણ થકી, શીતળ કરવા ચંદ;
કામ કોપ ઉલટો વધી, કરે કામી આક્રંદ. ૨૪
કામ સત્તા સહુ જગતમાં, વ્યાપી કરે વિનાશ;
દેવ મનુષ્ય તિર્યંચને, બાંધ્યા વિષયા પાશ. ૨૫
કામ વિષધરના વિષથી, જાણી મુર્છિત જીવ;
શીયલ સરણ ગ્રહી યોગીઓ, મેળવે છે સુખ શીવ. ૨૬
આપે ત્રાસ ત્રિ લોકમાં, નિર્ભય થઇને કામ;
મહા યોદ્ધને મારવા, મુનિ ગણ ભીડે હામ. ૨૭
કામ હળાહળ ઝેરથી, નિશ્ચય છે મહા ઝેર;
કોય ઉપાય ન અવનીમાં, વરતાવે છે કેર. ૨૮
કામાગ્નિ નીવારવા, કામની રૂપી કીચ;
બુડે જઇ બે બાકળા, નર્કને રસ્તે નીચ. ૨૯
થયા કામ વશ જીવ જે, સ્વપ્ને ન પામે સુખ;
સત્ય કામ સઘળાં તજી, થાય ધર્મ વિમુખ. ૩૦
સાત વેગ વિષ સાપના, ઉપાયથી છે સાધ્ય;
કામાગ્નિ વિષ વેગ તે, દેખો દશે અસાધ્ય. ૩૧

(કામના દશ પ્રકોપ) છપય છંદ.

ઉદ્દીપન થાતાં કામ, પ્રથમ પ્રગટે છે ચીંતા;[૧]
ઇચ્છા કરી અકળાય, મળે ક્યારે એ વનિતા.
ભરે[૨] દીર્ઘ નિશ્વાસ,[૩] તાવ પણ ચડતો આવે;[૪]
દેહ થાય છે દગ્ધ,[૫] અરૂચી[૬] અન્ન ન ભાવે.
અતિ ઉન્મત ઉતપાત,[૭] સંદેહ પ્રાણનો[૮] થાય છે;
સહા મુર્છાથી[૯] મુર્છીત થઇ, મરી[૧૦] માઠી ગતિ જાયછે. ૩૨

દોહરા.

સંકલ્પે કામ જ્વર કોપના, ત્રણ ભેદે ઉદવેગ;
તીવ્ર મધ્ય અને મંદપણે, વધતા ઘટતા વેગ. ૩૩
સર્વ પાપનું મૂળ તો, જણાય જગમાં કામ;
અધર્મ સૌ એના વડે, એજ દુઃખનું ધામ. ૩૪
ભજી અહોનિશ આતમા, રહેવું તેમાં લીન;
ધર્મ બ્રહ્મચર્ય એજ છે, પાળે મુનિ પ્રવીણ. ૩૫

મળ્યો મનુષ્ય ભવ દોહીલો, કર્યું વિષય વિષપાન;
ચેત પુષ્પ તજી કામને, આદર આતમ જ્ઞાન. ૩૬

(નારી નીંદા અને પ્રશંસા.)

મુખ વાણી અમૃત સમી, હૃદય હળાહળ ઝેર;
શો વિશ્વાસ સ્ત્રી જાતિનો, છુરી કાન્તાની પેર. ૩૭
નારી નીચ સ્વભાવની, દુરગુણનો ભંડાર;
સાધુ ત્યાગે સર્વથા, શ્રાવકને આગાર. ૩૮
સંતોષી સ્વદારા ભણી, અવર ભગની માય;
ચોથું વૃત શુદ્ધ શ્રાવકો, પાળે અખંડીત કાય. ૩૯
સહુ નારી સરખી નથી, સતી શીરોમણી કોય;
સર્વ વર્તિની દ્રષ્ટિએ, નિષેધ સમુચે હોય. ૪૦
થયા થાય છે ને થશે, પુરૂષ સલાખી જોય;
વનિતા ઉદર ઉપજે, સતી શીરોમણી હોય. ૪૧
નીચ કામને નીંદતાં, કામની પણ નીંદાય;
દુરગુણ જે સૌ કામના, કામની તણા ગણાય. ૪૨
જીતે કામ નર નાર તો, સરખાં થાય સ્વરૂપ;
દુરગુણ સૌ દુરે રહે, કામજ દુરગુણ રૂપ. ૪૩

કામની પ્રેરી કામની, કરે કર્મ અઘોર;
અબળા તે સબળા થઇ, જણવે અધિકું જોર. ૪૪
દેવો દોષ ધરે નહિ, સઘળો નારી શિર;
સહુ સંસાર એના વડે, પડવા તરવા તીર. ૪૫
અબળા હોય તે કામને, રહે સદા આધીન;
શિક્ષણથી સબળા કરો, કરે કામ સ્વાધીન. ૪૬
ચતુર્વિધિ તીર્થમાં, શ્રાવિકા પદ એક;
જમાનાને અનુસરી, કેળવો ધારી વિવેક. ૪૭
સંઘ સુધારણા કારણે, આપો સ્રીને સાજ;
સુધરી પ્રજા સુધારશે, સહીલા મળી સમાજ. ૪૮
સંતોષી સ્વ ભરથારથી, અવર બંધવ બાપ;
સુખ સંકટે શ્રાવિકા, રાખે આપતુ આપ. ૪૯

પાંચમું પરિગ્રહ અથવા ઇચ્છારોધ વ્રત.

સર્વ પરિગ્રહ સર્વથા, બાહ્ય અભ્યંતર કોય;
ઇચ્છારોધ અતિચાર વિણ, મહા મુનિથી હોય. ૧
વાડ અહીંસા વૃક્ષની, આ બાજુ પણ એક;
ખંડીત થાતાં બાકીની, નિરૂપયોગી છેક. ૨

એક એકની સહાયમાં, રહે બાકી વૃત ચાર;
ચારીત્ર યોગી ગણુ તણું, સર્વ સિદ્ધિ દાતાર. ૩
પાંચે વૃત શુદ્ધ પાળતાં, અઢાર પાપ તજાય;
પાપ સ્થાન પરાં થવાં, એ વિતરાગ દશાય. ૪
અંતર આત્માને રહે, સદા સ્વરૂપનું ભાન;
પર પુદ્‌ગળ શું રાચશે, બહિરાત્મ બેભાન. ૫
સ્વ પર પરખાયા પછી, પર વસ્તુ પર પ્રીત;
અંતર આત્માને નહિ, રહેવી ઘટે ખચીત. ૬
પર પુદ્‌ગળ પરિગ્રહ મળી, પલમાં પરનો થાય;
બાળે અંતર ઉલટું જ્ઞાની નવ લોભાય. ૭
સર્વ વરતીને સર્વથા, પરિગ્રહનાં પચખાણ;
દેશ વરતી હદ બાંધીને, રોધે ઇચ્છા જાણ. ૮
શ્રાવકને તો સર્વદા, પરિગ્રહથી વહેવાર;
સદ્‌વર્તનથી મેળવે, લોપે ન હદ લગાર. ૯
પરિગ્રહમાં પ્રથમ પદે, પૈસા પામે માન;
સહુ વહેવાર સંસારનો, પૈસા વડે સમાન. ૧૦
સાધુ શોભે ધન વિના. પણ શ્રાવક ધનવાન;
સાત ક્ષેત્રો ઉદ્ધારવા, ખરચે ગજા સમાન. ૧૧

ગાડી લાડી વાડી કે, ખાન પાન ગીતગાન;
અંતર ઉદાસીનપણે, દીએ દીનને દાન. ૧૨
અર્થ અનર્થનું મૂળ છે, પુન્ય પણ એથી પમાય;
જો નિતિથી મેળવી, વ્યય શુભ મારગ થાય. ૧૩
